# સહજ-સત્સંગ

Year : 3 Issue : 26 Dt. 01-03-2015 Page - 52 માસિક





## મા મીરાંબિકા

The whole universe is the Divine manifesting more and more
and in diversity on physical vital, mental and psychic planes.
He expresses him self as beauty, power, knowledge and love.
On higher level they unite with each other in a single consciousness.
But each atom contains something of  this eterniy.

- The Mother 29.9.54 - 14.11.1954

## પ્રભુરૂપ જગત

દિવ્યપ્રભુ પ્રગટતા ક્રમશઃ, વધુને વધુ જગરૂપ બની,
વિવિધતામાં બીરાજી હરખાતા ને, પ્રાણ, તન, ચિત્ત બની,
મનમાં જ્ઞાન, શક્તિ પ્રાણમાં, તનમાં સૌંદર્ય રચી,
ચિત્તમાં પ્રેમ બની નિખરતા, વિવિધ માત્રામાં વળી,
ઊર્ધ્વ કક્ષાએ તે વિલસતા, અખંડ ચેતના બની,
પણ અણુએ અણુએ એ પ્રગટતા, સનાતન સત્ ધરી.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# પ્રભુ જીવી શકાય..... જાણી ન શકાય

(તા.૨.૦૧.૧૯૧૫. પૃ.૨૦૭)



કોઈ વિચાર ગમે તેટલો શક્તિશાળી હોય, છતાં સતતપણે વ્યક્ત કરવામાં આવે, તો પછી એ રસહીન, શુષ્ક, મૂલ્યહીન બની જાય છે. બુદ્ધિને અચાનક પોતાના સર્વે તર્કો અને મીમાંસાનો ત્યાગ કરવાની અનિવાર્ય જરૂરિયાત લાગે છે..... આ પ્રકારના સર્વ ડહાપણને ફેંકી દઈને, એ હૃદય-સંગીતને જાગ્રત થવા દે છે. એ હૃદય અભિપ્સાવાન હોય છે.

પ્રભુ, તું હંમેશા માટે અનિવર્ચનીય જ રહેવાનો. જે વ્યક્તિ તને જીવી જાણે છે અને તારું જ્ઞાન ધરાવે છે તેને માટે પણ..... વ્યક્તિ તને જીવી જાણી શકે છે..... એ વસ્તુ તારા પરાત્પર અજ્ઞેય સ્વરૂપની બાબતમાં નહિ પણ તારા વૈશ્વિક આવિર્ભાવની બાબતમાં પણ બનતી રહેશે..... પોતાની અશક્ત અને અજ્ઞાનનો સામનો કરતું હોવા છતાં, મનોમય સ્વરૂપ પોતે પ્રકાશપૂર્ણ, નિશ્ચળ અને હર્ષભર્યું બની રહે છે.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | (બે રાજમાર્ગો) | ૩૧ |
| (પ્રભુ જીવી શકાય..... જાણી ન શકાય) | ૩ | **સાંજના વાર્તાલાપો** | |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | (શારીરિક અને ભૌતિક તત્ત્વ ઉપરનો વિજય) | ૩૩ |
| **દિવ્યજીવન** (પરમ ચેતનાનું અસ્તિવ) | ૯ | **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૩૬ |
| માતૃવાણી | | **ધ મધર્સ એજન્ડા** | |
| (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૩) | ૧૨ | (દિવ્ય - પાર્થિવત્ત્વનું અસ્તિત્વ) | ૩૯ |
| સાવિત્રી (માનસિક આદર્શોની ભ્રમજાળ) | ૧૬ | **યોગનાં મૂળતત્ત્વો** (કેટલાક સ્પટીકરણો) | ૪૨ |
| યોગ વિષે પત્રો (પ્રાણની વિવિધ કક્ષાઓ) | ૨૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| ઉપનિષદો (અતિમનસની આવશ્યકતા) | ૨૪ | (પરમાનંદની પ્રાપ્તિ (૯૪) | ૪૫ |
| વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૬ | **જાતક કથાઓ** (આત્મબલિદાન) | ૪૭ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે | | શ્રી સુન્દરમ્ જન્મદિન - ૨૨ માર્ચ | ૪૮ |
| (શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો) | ૨૯ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |
| **યોગ પર દીપ્તિઓ** | | | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૨૬ વર્ષ : ૩**
**માર્ચ - ૨૦૧૫**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# પ્રભુ જીવી શકાય..... જાણી ન શકાય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

એકાદો વિચાર નવો હોય ત્યારે ખૂબ જ પ્રભાવશાળી, ચિત્તાકર્ષણ અને અદ્વિતીય લાગે છે, પણ તેનો વારંવાર ઉચ્ચાર કરવાથી તે પોતાની તેજસ્વિતા, આકર્ષણ, પ્રભાવ ગૂમાવી બેસે છે.

બુદ્ધિનો આ સ્વભાવ છે. બુદ્ધિ પોતે એક વખત અમૂલ્ય સમજી સ્વીકારેલું કાલાંતરે ત્યાગે છે. સત્ય વિકાસશીલ રીતે પ્રગટ થતું હોવાથી ભૂતકાળની અભિવ્યક્તિ નવાં વિકસિત સત્યને અજૂગતી લાગે છે.

આવે વખતે બુદ્ધિ પોતાનું નિર્ણાયક સ્થાન સ્વેચ્છાએ હૃદયને સોંપે છે. હૃદય અભિપ્સા સેવે છે. ભાવનાથી સમજે છે.

પ્રભુની આ રીતે વિવિધ વ્યાખ્યાઓ થવાં છતાં પ્રભુ તો અવ્યાખ્યેય, અનિર્વચનીય જ બની રહે છે. જે વ્યક્તિ સત્યને જીવતી હોય, અનુભવતી હોય તે પણ શબ્દોમાં તેની અભિવ્યક્તિ બરાબર કરી શકતી નથી.

આ વાસ્તવિકતા પ્રભુની અભિવ્યક્તિના બધાં જ સ્તરોને લાગુ પડે છે તે વૈશ્વિક અને વિશ્વાતીત સ્તરે પણ આ રીતે અનુભવાય છે, જીવાય છે, પણ તેની વ્યાખ્યા કરી શકાતી નથી.

પણ આનો અર્થ એમ નથી કે બુદ્ધિના ભાગમાં પ્રભુમય જીવન જીવવાનું હોતું નથી. બુદ્ધિ પણ વિકાસ પામીને પ્રતિભા, મેઘા, પ્રજ્ઞા સ્વરૂપે વિકસે છે અને તે વિકસિત સ્વરૂપો તાદાત્મ્ય દ્વારા પ્રભુને ધારણ કરી શકે છે, જીવી શકે છે, અનુભવી શકે છે અને જાણી પણ શકે છે.

ત્યારે તે પોતાને પ્રકાશપૂર્ણ, શાંત, નિશ્ચળ અને આનંદપૂર્ણ અનુભવે છે. તે જ તેની સાર્થકતા છે. તે જ તેનો પ્રભુમય - જીવનમાંનો ભાગ છે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

ખ્રિસ્તી ધર્મના મહાન સંત બ્રધર લોરેન્સે પણ પ્રાર્થના દ્વારા જ પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યું હતું. તેઓ લશ્કરમાં ઉચ્ચ ઑફિસર હતા. લડાઈમાં તેમનો પગ કપાઈ જતાં જીવનમાં હતાશા વ્યાપી ગઇ. કોઈએ એમને ઈસુસંઘમાં જોડાવા કહ્યું. ત્યાં સંઘમાં જોડાયા તો રસોડામાં કામ કરવાનું મળ્યું. તેમણે છવ્વીસ વર્ષ સુધી રસોડામાં કામ કર્યું. કામ કરતાં કરતાં તેઓ ભગવાનને સતત પ્રાર્થના કરવા લાગ્યાં. 'હે ભગવાન મને કંઈ આવડતું નથી, તમે મને શીખવાડો. મને આમાં કંઈ સૂઝ પડતી નથી, તમે રસ્તો બતાવો.'' કંઈ મુશ્કેલી આવે, મન વ્યગ્ર બને, ક્રોધ આવે, દરેક વખતે ભગવાનને કહેતાં અને એમનાં આશ્ચર્ય વચ્ચે ઉકેલ મળી જતો. આથી તેઓ પોતાની દરેક બાબત ભગવાન આગળ રજૂ કરવા લાગ્યાં. એમને એવી ખાતરી થવા લાગી કે ભગવાન તેમને સીધું માર્ગદર્શન આપી રહ્યાં છે. આ રીતે ભગવાન સાથે તેમને તાદાત્મ્ય થવા લાગ્યું. ધ્યાનની જે ઉચ્ચ સ્થિતિ છે, તે તેમને ભગવાન સાથે વાતો કરતાં કરતાં સહજ રીતે પ્રાપ્ત થઈ. પોતાના અનુભવ વિષે તેમણે જણાવ્યું હતું કે ''જ્યારે હું સંઘમાં જોડાયો ત્યારે ભગવાનનું સ્મરણ મારાં માટે જેટલું મુશ્કેલ હતું, એટલું જ મુશ્કેલ હવે મારા માટે ભગવાનનું વિસ્મરણ બની ગયું છે.'' આમ શરૂઆતમાં પ્રાર્થના માટે ફાળવવામાં આવેલો નિશ્ચિત સમય જીવનમાં ભગવાનને ઉતારી લાવે છે અને પછી તો સમગ્ર જીવન જ પ્રભુમય બની જાય છે.

**કયા સમયે પ્રાર્થના કરવી?**

પ્રાર્થના માટે તો ભગવાને આપેલાં ચોવીસ કલાકમાંથી કોઈપણ સમય અનુકૂળ જ છે. આમ તો જ્યારે મનમાં ભગવાન પ્રત્યેનો ભાવ જાગે, ત્યારે

પ્રાર્થના આપોઆપ થવા લાગે છે. અથવા તો સહાયની જરૂર હોય ત્યારે પણ હૃદયમાંથી ભગવાન પ્રત્યે પ્રાર્થના થવા લાગે છે. પરંતુ આ તો વિશિષ્ટ સંજોગોની વાત થઈ. પણ સામાન્ય સંજોગોમાં મનને પ્રાર્થનામાં એકાગ્ર અને સ્થિર કરવું હોય તો અનુકૂળ સમય હોય તો પરિણામ જલ્દી મળે છેં. આપણાં ઋષિ મુનિઓ અને આધ્યાત્મિક માર્ગના અનુભવીઓએ ભગવાનની આરાધના માટે વહેલી સવારનો સમય. બ્રાહ્મમુહૂર્તનો સમય વિશેષ અનુકૂળ જણાવ્યો છે. આ સમયે સમગ્ર વાતાવરણ ચૈતન્યથી સભર હોય છે. આથી પ્રાર્થનામાં એકાગ્રતા જલ્દી આવે છે. ઉપરાંત રાત્રિના આરામ પછી મન અને શરીર સ્વસ્થ હોય છે. વળી કહેવાય છે કે આ સમયે યોગીઓ, મુનિઓ, ભક્તો આરાધના કરતા હોવાથી એમના પવિત્ર તરંગો સૂક્ષ્મ વાતાવરણમાં પ્રસરેલા હોઈને એ પવિત્રતાનો પણ લાભ મળે છે અને તેથી ભગવદ્‌ભાવ અંતરમાં વિશેષ જાગે છે. આ સમયે તામસિક અને આસુરિક વૃત્તિવાળા લોકો ઊંઘતા હોય છે. આથી વિરોધી વાતાવરણ સર્જાતું નથી પણ પ્રાર્થના, ધ્યાન અને પ્રભુભક્તિને અનુકૂળ વાતાવરણ હોય છે. આમ વહેલી સવારે સૂર્યોદય પહેલાં પ્રાર્થના કરવી આવશ્યક છે. જેમ રાત્રે ફોન કરવાથી લાઈન જલ્દી મળી જાય છે અને ચાર્જ પણ ઓછો લાગે છે, એ જ રીતે વહેલી સવારે પરમાત્માની લાઈન પણ જલ્દી મળી જાય છે અને સીધો સંપર્ક થઈ જાય છે. વહેલી સવારે કરેલી પ્રાર્થનાથી આખો દિવસ પણ આનંદમાં વીતે છે, કેમકે શાંત મનમાં પ્રભુની દિવ્યચેતનાના તરંગો સ્પષ્ટપણે અનુભવાતા હોઈને, અને તેની અસર પ્રબળ હોઈને, તે સમગ્ર દિવસ દરમિયાન અનુભવાય છે. આ રીતે વહેલી સવારે પ્રાર્થનામાં ગાળેલી થોડી ક્ષણો પણ આખા દિવસને પ્રસન્નતા, તાજગી અને સ્વસ્થતાથી ભરી દે છે. એ જ રીતે રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરવાથી આખા દિવસની દોડધામથી થાકેલું શરીર અને મન શાંત અને સ્થિર બની જાય છે. રાત્રે નિરાંત હોવાથી ભગવાન સમક્ષ દિવસ દરમિયાન કરેલાં કાર્યો, ભૂલો વગેરેનું નિવેદન કરીને ફરી એવી ભૂલો ન થાય એની ખાતરી આપીને, પોતાની નિર્બળતાઓ અને ખામીઓને સહેલાઈથી દૂર કરી શકાય છે.

એ માટે પ્રભુની સહાય પણ માગી શકાય છે. આથી રાત્રિ પણ પ્રભુના પ્રેમ, પ્રકાશ અને આનંદમાં વીતે છે. રાત્રિના ભયંકર બિહામણા સ્વપ્નાંઓ, કોરી ખાતી ચિંતાઓ બધાંમાંથી મુક્ત થવાનો સાવ સરળ રસ્તો છે. પ્રભુને નિવેદન કરવાનો. સૂતાં પહેલાં પરમાત્મા સાથે વાતચીત કરવાનો. નાના બાળકની પેઠે પોતાના સર્વ કાર્યો, સર્વ વિચારો, બધું એમની સમક્ષ રજૂ કરીને હળવાફૂલ જેવાં થઈને નિદ્રાદેવીના ખોળામાં આનંદથી પોઢીને ફરી વહેલી સવારે પ્રભુની સાથે વાર્તાલાપ કરી, - પ્રાર્થના કરી નવા દિવસની શરૂઆત કરવાની. આ રીતે દિવસભર અને રાત્રિમાં પ્રભુ સાથેનો સંપર્ક સતત વધતો જાય છે. પ્રાર્થનાની નાનકડી શરૂઆત પણ પરમાત્મા સાથેનો સંપર્ક ગાઢ બનાવવા પર્યાપ્ત છે. પછી તો સંબંધ ગાઢ બનતાં જાણે દરેક ક્ષણે એમના સાંનિધ્યનો અનુભવ થવા લાગે છે એ પછી પ્રાર્થનાની જરૂર રહેતી નથી ! પરંતુ આ સ્થિતિ ન પ્રાપ્ત થાય ત્યાં સુધી તો સવાર-સાંજ અને જ્યારે અનુકૂળતા હોય ત્યારે પ્રાર્થના કરવી જોઈએ.

**પ્રાર્થના શા માટે કરવી જોઈએ ?**

ભગવાન તો અંતર્યામી છે, તેઓ તો બધું જ જાણે છે. તેમણે જ આપણને બનાવ્યા છે, એટલે આપણાં માટે શું સારું છે ને શું ખરાબ છે, તે પણ તેઓ જાણે છે. તો પછી આપણે રોજેરોજ, વારંવાર એમને શા માટે કહેવું જોઈએ, અને તેમની પાસે માંગવું જોઈએ ? કેમકે તેઓ આપણી બધી જરૂરિયાત વિશે પણ જાણે છે. તો પછી વારંવાર યાચીને એમને શા માટે ખલેલ પહોંચાડવી જોઈએ ? આવો એક પ્રશ્ન પણ આપણાં મનમાં ઊઠે છે. ભગવાન અંતર્યામી છે, એ વાત તદ્દન સાચી છે. તેઓ બધું જ જાણે છે. એ વાત પણ સાચી છે. પરંતુ તેમણે અદ્‌ભુત સ્વયંસંચાલિત વ્યવસ્થા ગોઠવી દીધી છે. કર્મના નિયમ મુજબ દરેક મનુષ્યને કર્મફળ ભોગવવાં પડે. વળી તેમણે મનુષ્યને સ્વતંત્ર બુદ્ધિ આપીને કેવી રીતે જીવવું એ પણ તેનાં ઉપર છોડી દીધું છે. જ્યાં સુધી તીવ્રપણે એમને બોલાવવામાં ન આવે ત્યાં સુધી તેઓ મનુષ્યના સ્વતંત્ર જીવનમાં દખલ કરતા

(અનુ.પૃ.૨૫ ઉપર)

# પરમ ચેતનાનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ક્રમશઃ)

તો શું એનો અર્થ એ લેવો કે ચેતના ફક્ત સચેતન દેખાતાં પ્રાણીઓમાં જ છે, બીજે નથી. અહિં પણ એક તફાવત સમજી લેવો જરૂરી છે. સચેતન પ્રાણીઓમાં ચેતનાને પ્રકટ કરવાની ઇન્દ્રિયો છે તેથી તે સચેતન લાગે છે. ઇન્દ્રિયો વગર ચેતના પોતાને પ્રકટ કરી શકી ન હોત. પણ તેનો અર્થ ત્યાં ચેતના નથી એવું પૂરવાર થતું નથી પણ ચેતના અપ્રકટ રહે છે એમ કહેવું યોગ્ય થશે. તેથી તે પદાર્થોને આપણે જડ કહીએ છીએ. તે જડ એના માટે ભાસે છે કે તેઓમાં ચેતનાને પ્રકટ કરવાનાં સાધન નથી. ત્યાં અપ્રકટ ચેતના તો છે જ. તેથી સજીવ અને નિર્જીવ વસ્તુઓમાં ભેદ એક સચેતન છે અને બીજી અચેતન છે એવો નથી પણ એકમાં પ્રકટ ચેતના છે પણ બીજીમાં અપ્રકટ ચેતના છે એટલે જ બંનેમાં ચેતના તો છે જ.

ઘણી વખત જાગૃત ચેતનામાં ચેતના ન હોય એવી ક્ષમતાઓ અવચેતનમાં દેખાય છે. આનો અર્થ એ કે અવચેતન એટલે જાગૃત ચેતનાનો અભાન ભાગ નથી. પણ ત્યાં તેથી પણ વિશેષ બીજું કાંઈક છે. આ બીજું કાંઈક એટલે ઊર્ધ્વ ચેતના છે. તેને વેદો દિવ્ય ચેતના કહે છે તે છે. તે જાગૃત મનનાં સભાન અને અભાન બંને સ્તર કરતાં ઘણી જ જુદાં સ્વરૂપની છે. તે ઊર્ધ્વ ચેતનામાં પણ એકથી એક ઊર્ધ્વ સ્તર હોઈ શકે છે. આ ચેતના આપણા શારીરિક કોષોમાંની પ્રક્રિયાઓ કરતી હોય છે. જે જાગૃત મનને ખબર પણ હોતી નથી. તે જ ચેતના ગૂઢ આકર્ષણો અને અપાકર્ષણો નિર્માણ કરે છે. જાગૃત મન ન સમજે તેવી ગૂઢ ક્રિયાઓ પણ તે કરે છે.

પણ મુદ્દો એ છે કે આ દિવ્ય ચેતના કે ઊર્ધ્વ ચેતના વસ્તુમાત્રમાં આવી ક્યાંથી ? કેવી રીતે નિર્માણ થઈ ? ઋષિઓ એવું માનતા હતાં કે દિવ્ય ચેતના કે અવચેતન કે જાગૃત ચેતના આ ચેતનાનાં જ જુદાં જુદાં સ્તરો છે. મૂળભૂત રીતે તેમાં તફાવત નથી. એક જ પરમ-ચેતનાનાં આ વિવિધ આવિર્ભાવો કે આવિર્ભાવોના સ્તરો છે. અને તે પ્રાણીમાત્રમાં  અને વસ્તુમાત્રમાં અંતર્હિત છે જ. તે ક્યાંયથી આવી નથી. તેથી સાચો પ્રશ્ન આ નથી. સાચો પ્રશ્ન એ છે કે આ અપ્રકટ ચેતના જે વસ્તુમાત્રમાં રહેલી છે તેને પ્રકટ કરવાનાં સાધનો કેવી રીતે વિકાસ પામ્યાં ? તે પૃથ્વી ઉપર બહારથી આવ્યાં કે અહિં જ પોતાની મેળે વિકાસ પામ્યાં. અમૂક ઋષિઓ એવું માનતાં હતાં કે બ્રહ્માંડમાં અન્ય લોક પણ છે. સૂક્ષ્મ સૃષ્ટિ પણ છે. તે સૂક્ષ્મસૃષ્ટિઓમાંના પ્રાણીઓએ પૃથ્વી ઉપર આ ચેતનાનાં આવિર્ભાવના સાધનોનો ધીમે ધીમે વિકાસ કરાવ્યો. પૃથ્વી ઉપર જે ઉત્ક્રાંતિ થઈ રહી છે તેમાં તેઓ સૂક્ષ્મ રીતે સહભાગી છે જ. આખરે સમગ્ર બ્રહ્માંડમાંનાં ગ્રહો, ઉપગ્રહો, નક્ષત્રો અને તારાગણો એક બીજા ઉપર જેમ પરિણામ કરે છે તેમ આ સૂક્ષ્મ જગતની સૃષ્ટિ પણ પરિણામ કરે છે. થીઓસોફી એમ માને છે કે ઇન્દ્રિયો વગેરેનો વિકાસ શુક્ર ઉપરના પ્રાણીઓમાં વિકાસ પામ્યો અને ત્યાંથી પૃથ્વી ઉપર તે રોપાયો.

જો ચેતના અખંડ અને સર્વવ્યાપી હોય તો તે તેનો જ્યાં જ્યાં આવિર્ભાવ થતો હોય તે એકબીજા ઉપર પરિણામ કરી શકે છે.

વૈજ્ઞાનિકોના નવીન સંશોધનમાં એ સાબિત થયેલ છે કે જડ દેખાતી ધાતુમાં પણ જીવનનાં લક્ષણો દેખાતાં હોય છે. વનસ્પતિમાં તો તે પ્રાથમિક સ્વરૂપે પ્રકટ થઈ જાય છે. જો ચેતના અપ્રકટ અવસ્થામાં રહી શકે છે તો તે જડ પદાર્થમાં રહી શકે છે, એવું તારણ વધારે તાર્કિક લાગે છે તેથી સમગ્ર બ્રહ્માંડમાં પ્રગટ ચેતના અખંડ રીતે ફેલાયેલી છે એવું જે ઋષિઓ માનતાં હતાં તે આપણે માનવું રહ્યું. ઉત્ક્રાંતિ જે રીતે અત્યાર સુધી માનવ સુધી આગળ વધી છે તેમાં ખૂબ જ આયોજન પૂર્વકનો જ વિકાસ દેખાય છે. તેમાં તાર્કિક સુસંગતિ દેખાય છે. અર્થાત્ કોઈ ગૂઢ બૌદ્ધિકતત્ત્વ ઉત્ક્રાંતિને માર્ગદર્શન આપી રહ્યું છે અથવા પોતે જ

આયોજનપૂર્વક આવિર્ભાવ કરી રહ્યું છે એમ માનવું રહ્યું. સુગ્રીવ જેવા પક્ષીમાં પોતાનો માળો બાંધવાની કળા, કરોળીયામાં દેખાતી જાળું બાંધવાની કળા, મગરમાં અને ડોલ્ફીન માછલીમાં દેખાતી પોતાનાં ઈંડાઓને સંરક્ષણ આપવાની કળા. આવાં તો કેટલાંય દાખલા જણાશે જે આ ઉત્ક્રાંતિ પાછળ કામ કરતાં બૌદ્ધિક તત્ત્વની, આયોજન કરતાં તત્ત્વની ચાડી ખાય છે, તેનો પૂરાવો બની જાય છે.

બીજી તરફ ઉત્ક્રાંતિને આગળ વધારવા નિસર્ગ અનેક પ્રયોગ કરીને મોટાં પ્રમાણમાં બગાડ કરે છે. તે એવું સૂચવે છે કે ઉત્ક્રાંતિ પાછળ જાણે કઈ બૌદ્ધિક આયોજન કરનારું કોઈ તત્ત્વ જ નથી. પણ એક વસ્તુ સમજી લેવી જરૂરી છે કે આપણી દૃષ્ટિ ખૂબ જ મર્યાદિત હોય છે. જ્યારે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય પણ આપણને ખબર નથી ત્યારે આપણી મર્યાદિત બુદ્ધિને જે બગાડ લાગે છે તે નિસર્ગની વિશાલ દૃષ્ટિમાં બગાડ ન પણ હોય. તેને પોતાનું લક્ષ્ય ખબર છે તેથી આજે જેને આપણે બગાડ સમજીએ છીએ એ કદાચિત ભાવીની ઉત્ક્રાંતિ માટેની પૂર્વ તૈયારી પણ હોઈ શકે. નાના બાળકને બહુમાળી ઈમારતના બાંધકામ વખતે સીમેંટની ગુણીઓ ફાડીને મિક્ષર મશીનમાં નખાતો સીમેંટ બગાડ લાગે. તેમાં ઠલવાતું પાણી, પાણીનો બગાડ લાગે પણ ખરેખર તેવું નથી. રણમાં પડતો વરસાદ શહેરી માનવને બગાડ લાગે પણ તે રણના રહેવાસીઓ માટે ઉનાળાની તૈયારી રૂપ લાગે છે. ખેડૂતની વાવણી નાના બાળકને અનાજનો બગાડ લાગે પણ ખેડૂતને તે આયોજનપૂર્વકનું કાર્ય લાગે છે. તેથી માનવબુદ્ધિની મર્યાદાઓ સમજીને આવો પ્રશ્ન નિર્માણ કરવો યોગ્ય નથી અથવા તે બાળક-બુદ્ધિ છે એમ સમજવું જ યોગ્ય રહેશે.

આ બધી ચર્ચાનાં અંતે એક તારણ કાઢવાનું છે કે મનની નીચે અને ઉપર અનેક સૂક્ષ્મ અને ગુપ્ત ચેતનાનાં સ્તરો આવી રહેલાં છે અને ધીમે ધીમે મન દ્વારા પ્રકટ થઈ રહ્યાં છે. તેથી મનની ક્ષમતાઓ વિકાસ પામી રહી છે.

આ પ્રક્રિયા સમગ્ર બ્રહ્માંડમાં ચાલી રહી છે અને તેથી એમ માનવું રહ્યું કે બ્રહ્માંડની રચના કરનાર અને તેનો વિકાસ કરાવનાર કોઈ સચેતન તત્ત્વ છે. તે

(અનુ.પૃ.૨૩ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૩

(માતૃવાણી - ૨, પૃ.૩૨૩-૩૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૫૪ **શારીરિક-તાલીમ :** ઉચ્ચ જીવન માટે જરૂરી સંયમ, શિસ્ત, આત્મપ્રભુત્વ અને તેને અનુરૂપ ચેતના પ્રાપ્ત કરવી તે માટે જ શારીરિક-શિક્ષણ હોય છે, ફક્ત શરીરને કસવા માટે નહિ.

પ્રભુને આ શરીરરૂપી કરણ દ્વારા પ્રગટ કરવા માટે તેને અનુરૂપ બનાવવું એ જ શારીરિક-શિક્ષણનો મુખ્ય હેતુ છે. શરીર આ જ્ઞાન, આનંદ અને શુદ્ધ-અસ્તિત્વનો આધાર બની શકે છે. તેને મજબૂત આધાર તરીકે વિકસાવવો એ જ શારીરિક - શિક્ષણનો હેતુ છે. પૃ.૩૨૩

૫૫ **માલિકી :** માલિકીની ભાવનાથી વસ્તુઓમાં આસક્તિ નિર્માણ થઈ આપણે તેના દાસ થઈ જઈએ છીએ. જ્યારે કોઈ માલિકીની ભાવના જ ન રખાય ત્યારે આપણે વિશ્વ જેવા વિશાળ અને મુક્ત બની જઈએ છીએ, કારણ આસક્તિ ચેતનાને સંકુચિત કરે છે અને બાંધે પણ છે. પૃ.૩૨૪

૫૬ **હાજરી :** ભગવાન હંમેશા હાજર હોય છે પણ તેમની હાજરી કોઈ વખત અનુભવાય છે, કોઈ વખત અનુભવાતી નથી; તેથી આપણી ગેરસમજ થાય છે. પ્રભુ આપણા હૃદયમાં સચેતન રીતે બેઠેલાં જ છે. જો તમારે તેમની કાયમી-હાજરી અનુભવવી હોય તો વાણી, વ્યવહાર, વિચાર, ભાવો અને કર્મોમાંથી બધી જ જડતા, તમસ કાળજીપૂર્વક કાઢી નાંખવું પડશે. ભગવાનની હાજરી માટે શાંતિ, સ્વસ્થતા, સમર્પણ અને તેજોમય શ્રદ્ધા જરૂરી છે.

હાજરીને જીવનમાં વ્યક્ત કરવી એ જ પૂર્ણતા છે. હાજરીની હાજરી તમને પૂર્ણતાની ખાતરી આપે છે. પૃ.૩૨૪

૫૭ **શક્તિ :** પ્રભુની શક્તિ તો અમર્યાદ છે પણ આપણી શ્રદ્ધા અલ્પ છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ શક્તિ પ્રગટ થાય છે.

તમે શક્તિનાં માલિક છો પણ તેનો ઉપયોગ શક્તિના પ્રદર્શન માટે જ કરવા ઈચ્છતા હો તો તમારામાં અચૂક અસત્યતા અને મિથ્યાત્વનો ઘસારો પ્રવેશી તમારી ચેતનાને બગાડી નાખશે અને લાંબો સમય આ જ પરિસ્થિતિ રહી, તો તે શક્તિ લુપ્ત પણ થઈ જશે.

શક્તિને પોતાનાં તરફ પરાણે ન ખેંચો, કર્ષણ ના કરો; તેથી વધુ પડતો થએલો શક્તિ પૂરવઠો તમારા ચેતાતંત્રને નુકસાન પહોંચાડશે. શક્તિને અભીપ્સાથી ઝીલો. પ્રભુની પ્રસાદી તરીકે વાપરો. તમને વધુ શક્તિ-પૂરવઠો કરવામાં આવશે. પૃ.૩૨૫

૫૮ **સમસ્યા :** જીવનની મૂળભૂત આવશ્યકતા અને સમસ્યા છે પ્રભુનો સાક્ષાત્કાર. પ્રભુ વિશ્વરૂપ છે. જગતનાં જીવનનાં મૂળસ્રોતોરૂપ, કારણ અને લક્ષ્ય છે. તે જગત બાબતમાં પોતાના જ શરીર તરીકે સભાન બનવું મુશ્કેલ છે, એ જ જીવનની સમસ્યા છે.

આ સમસ્યાનો ઉકેલ આપણી અંદર જ છે. સાચી ચેતનામાં પ્રવેશતા જ તમારી સમસ્યા અદૃશ્ય થઈ જાય છે. પૃ.૩૨૫

૫૯ **પ્રક્રિયા :** બુદ્ધિને આપણે વ્યવહારમાં મન કહીએ છીએ. તે ઈન્દ્રિયોની વિવિધ સંવેદના સ્વીકારી તેમની ગોઠવણ કરી રૂપ અને આકાર આપે છે. ચિત્ત પોતાનાં ભૂતકાળના સંસ્કારો જાગૃત કરીને જ સમાન માનસપ્રતિમા પોતાનાં સ્મૃતિભંડારમાંથી શોધી કાઢે છે તેને સ્મૃતિ કહે છે. તે પાછલાં જ્ઞાનના સંદર્ભો આપે છે. બુદ્ધિ હાલની માનસપ્રતિમા અને સ્મૃતિ- ભંડારમાંની પ્રતિમાની તુલના કરે છે અને અંતે બુદ્ધિ ઓળખે છે. તે જ્ઞાન પ્રાપ્ત થતાં તેનો ઉપયોગ કેમ કરવો તેનો અહંકાર નિર્ણય લે છે. કર્મેન્દ્રિય તે મુજબ આંતરિક પ્રતિકાર્ય કરે છે. છેવટે કર્મો દ્વારા શરીર કાર્ય કરે છે અને અનુભવ મેળવે છે. આ જ્ઞાનાર્જનની

અંતઃકરણ દ્વારા (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની) થએલી પ્રક્રિયા છે, પણ આ બધી પ્રકૃતિને પડેલી ટેવ મુજબ થતી હોય છે. દિવ્ય-વિચારો ભાવોથી રોમાંચિત થતાં થતાં સત્ય - ચેતનાના આધિપત્ય નીચે મન, પ્રાણ, શરીરને મૂકીને, તેમને પ્રથમ શાંત કરી નાખ્યા બાદ પ્રકાશમય - ચેતનામાં સ્થિર થઈને સાધકે બધી પ્રવૃત્તિઓ કરવાની હોય છે. તેથી મન, પ્રાણ ધીમે - ધીમે રૂપાંતર થવાં માંડે છે પણ શરીરને રૂપાંતરિત કરવા કોઇ પદ્ધતિની જરૂર પડે છે. માતાજીએ ચેતનાના તે ઊર્ધ્વ-પ્રકાશથી કોષો ભરી દઇને તેની શરૂઆત કરવાનું જણાવેલ છે. પછી શરીરના એક- એક બાહ્ય અને આંતર-અવયવોને પ્રકાશથી ભરવાનાં હોય છે. અંતે, બધાં આંતર-બાહ્ય અવયવો અને કોષો સાથે સમગ્ર શરીરને પ્રકાશથી ભરવાનું હોય છે. આ પ્રક્રિયાથી પ્રજ્ઞાશક્તિ શરીરનું સંચાલન હાથમાં લે છે અને તેને પ્રભુના કાર્યમાં લગાડે છે.

સાધનાની આ પ્રક્રિયા છે. પૃ.૩૨૫

૬૦ **ભવિષ્યવાણી :** ભવિષ્યવાણી સાંભળવાનો લોકોને શોખ છે. યોગી ભવિષ્ય જાણે છે પણ તેને શબ્દો દ્વારા વ્યક્ત કરતી વખતે તેને તેની પાછળનું સત્ય - પ્રભુના સંકલ્પને મર્યાદિત અને સંકુચિત કરી નાખવો પડે છે; નહિ તો લોકોને તે સમજાશે નહિ. તેથી જ યોગી ભવિષ્યવાણી કરવાં કરતા મૌન રહેવું વધારે પસંદ કરે છે. પૃ.૩૨૮

૬૧ **સંરક્ષણ :** ભગવત્કૃપાનું સંરક્ષણ સહુથી વધુ અભેદ્ય હોય છે. તમે લોકો સાથે વાત કરો ત્યારે પ્રભુની જીવંત-હાજરી અને સંરક્ષણને તમારી આજુબાજુ લપેટી લો અને પછી બોલો. બોલતી વખતે દરેક શબ્દ યોગ્ય વાપરો, ગણ્યાંગાંઠ્યા શબ્દોમાં જ સ્પષ્ટ અને વેધક રીતે બોલો. તમને સાચું બળ હૃદયમાંથી જ મળશે. તે હૃદયમાં રહેલી પ્રભુની હાજરીમાંથી જ મળશે. તે હૃદયમાં રહેલી પ્રભુની હાજરીમાંથી વહી આવે છે. તેનો ઉપયોગ કરીને પોતાની બાહ્ય, આંતર-જાતથી પણ ઉપર ઊઠો. વિશાળ પ્રકાશમય- ચેતનામાં સ્થિર રહો. તમારી પ્રગતિને અહર્નિશ ચાલુ રાખો. પ્રગતિ અનંત છે. તમે કેટલી પણ પ્રગતિ કરો પણ પેલા તેજોમય સત્‌થી

તમે પોતાને હજી આઘા જ અનુભવો છો. ધ્યાન દ્વારા પ્રગતિ થાય છે, પણ કામ દ્વારા તો દશ ગણી પ્રગતિ થાય છે; કારણ કામમાં તમારાં મન, પ્રાણ, શરીર સહજ રીતે એકાગ્ર અને તન્મય, સંવાદી બની જાય છે. પૃ.૩૨૮

૬૨ **ચૈત્યસત્‌તા :** ચૈત્યસત્‌તા એ મનુષ્યની પહોંચમાં આવેલાં ભગવાન છે. ચૈત્યસૃષ્ટિ અને પૃથ્વી પરસ્પરાવલંબી છે. ચૈત્યસૃષ્ટિને પ્રગટ થવા પાર્થિવ- તત્ત્વની જરૂર છે, જ્યારે પાર્થિવ-તત્ત્વની સાર્થકતા દિવ્ય-ચેતનાને ધારણ કરવામાં છે. માનવજીવનનું કેન્દ્ર જ ચૈત્યસત્‌તા છે. તે જ અંતર્યામી ભગવાનનું આપણા હૃદયમાંનું નિવાસસ્થાન છે. ચૈત્યસત્‌તાએ જ પાર્થિવ- તત્ત્વને અચેતનામાંથી જાગૃત કરેલ છે. થોડીક પણ અભીપ્સા સેવશો તો ચૈત્ય-પ્રભાવ તમારાં સ્વરૂપમાં અભિવ્યક્ત થવા માંડશે. માનવની ચેતનાના ગહન ઊંડાણમાં આ ચૈત્યસત્‌તા રહેલી છે. તે ભગવાનનું તમારા સ્વરૂપમાંનું મંદિર છે. આપણાં સ્વરૂપમાંના પ્રભુને પહેલેથી જ સમર્પિત ભાગ એટલે ચૈત્યસત્‌તા. ચૈત્યપુરુષ એ વ્યક્તિત્વ ધારણ કરેલી ચૈત્યસત્‌તા છે. તે તમારો શાશ્વત અંશ છે અર્થાત્ મૃત્યુબાદ પણ તે ટકી રહે છે. તેને જ આપણે માનવ-આત્મા, જીવ તરીકે ઓળખીએ છીએ. ચૈત્યસત્‌તા માનવી-શરીરમાં જ અને તે પણ પૃથ્વી ઉપર જ હાલના તબક્કે પોતાનું નિર્માણ અને પ્રગતિ કરે છે. તમે જો ચૈત્યકેન્દ્રમાં વસશો તો તે તમારા સંકલ્પને પ્રભુના સંકલ્પ સાથે સંવાદી રીતે જોડી દેશે અને પ્રભુના સંકલ્પને જ અભિવ્યક્ત કરતો થશે. ચૈત્ય-ચેતનામાં નિવાસ કરવાથી જ તમારું જીવન રૂપાંતર પામશે અને આ રૂપાંતરિત-જીવન જ દિવ્યપ્રેમને ઝીલવા અને તેને પ્રગટ કરવાં સમર્થ થશે.

ચૈત્યની રચના આ પૃથ્વી ઉપરની જ છે અને તેનો વિકાસ પણ. ચૈત્યસત્‌તાને કારણે જીવતા દિવ્ય-જીવન જીવવાની, પ્રભુને પ્રાપ્ત કરવાની શક્યતા નિર્માણ થએલ છે. ચૈત્યસત્‌તા જ આ રીતે માનવને ભગવાન તરફ દોરી જાય છે. પૃ.૩૨૮

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## માનસિક આદર્શોની ભ્રમજાળ

પ્રકરણ-૧૪૬

(Savitri B-1, C-4, P-69-70)

He in a petty coastal traffic plies.
Hi- pay doled out from port to neighbour port.
Content with his safe round's unchanging course,
He hazards not the new and the unseen.
But now he hears the sound of larger seas.

મહાસાગરના સમુદ્ર-કિનારાના પ્રદેશમાં તે પોતાની બોટ સાથે નાનીમોટી આવજા કરે છે. તેમાં જ મશગુલ (plies) રહે છે તેમાંથી જ જાણે પોતાનું ગુજરાન ચલાવવાની આવક ઊભી કરે છે આ બંદરથી પાસેના બંદર સુધીનું જ ભાડું કમાય છે (doled). પોતાનું જીવન સુરક્ષિત છે. (safe) અને તેમાં ઉપાધિ રચનારાં ઉતાર ચઢાવ નથી (unchanging) એ જ એને સમાધાન આપે છે. સાધક પ્રથમ પોતાની ભૌતિક-ચેતનામાં જ જીવતો હોય છે. તેમાં જ કાર્ય કરતો હોય છે. તેને તે સુરક્ષિત લાગે છે. આ ભૌતિક-જીવન એ તેને જીવન સમુદ્રની કિનાર-પટ્ટી લાગે છે. તેને કોઈ નવા અગમ્ય પ્રદેશમાં જવાની હિંમત જ (hazards not) હોતી નથી તે તેને નકામું સાહસ ગણે છે. પોતાનું રોજીંદુ જીવન જીવનમાં જ તે સંતોષ માણે છે. જીવનની ગહન સચ્ચાઈઓ તેનાથી અજાણી હોવાથી તેને તેમાં પ્રવેશવાનો જ ડર લાગે છે.

પણ હવે વિશ્વ પ્રકૃતિ તેને ભૌતિક જીવનની બાહ્ય-ચેતનામાંથી આંતર-ચેતનાના પ્રદેશોમાં ધકેલવા માંડે છે. તેને જીવનનાં ઊંડા પ્રદેશોમાંથી તેના માટે પોકારો થતાં હોય છે એવું લાગવા માંડે છે. ભૌતિક જીવનમાંનુ સમાધાન અને સંતોષ તેને હવે વામણા લાગે છે.

A widening world calls him to distant scenes
And journeyings in a larger vision's arc
And peoples unknown and still unvisited shores.

સૂક્ષ્મ જગતની ઘટનાઓ તેને બોલાવે છે. સ્વપ્નમાંના ગૂઢ સૂચનો તેને આકર્ષે છે. આ બધી બાબત તેને જાણવાની ઈચ્છા જાગે છે તેનાં અનુભવનું જગત વિસ્તાર પામતું હોય એવું તેને લાગે છે (widening world) તેનું વિશાળ થયેલ અનુભવનું ક્ષેત્ર જાણે તેને તેનો પ્રવાસ કરવાનું આકર્ષણ જમાવે છે (larger vision's arc) તે જગતમાંનાં અપરિચિત પાત્રો તેને બોલાવતા હોય એવું લાગે છે. ત્યાંનો અજાણ્યો પ્રદેશ પણ તેને આકર્ષે છે તેની ઉત્સુકતા તેના નિયંત્રણમાં હવે રહેતી નથી. તે આંતર જગતના પ્રવાસે ઉપડે છે.

On a commissioned keel his merchant hull
Serves the world's commerce in the riches of Time
Severing the foam of a great land-locked sea
To reach unknown harbour lights in distant climes
And open markets for life's opulent arts.
Rich bales, carved statuettes, hued canvases.
And jewelled toys brought for an infant's play
And perishable products of hard toil
And transient splendours won and lost by the days.

આવી રીતે જગતની આંતર-રચના જેને પ્રભુએ બાહ્યજગત રચવામાં આધારભૂત ગણી છે (keel) હવે તેનું પોતાનું કામ બરાબર કરવાં લાગે છે.

(commissioned) જગતરૂપી વેપારી વહાણ જાણે હવે પોતાની વેપારી સફરની પૂર્વતૈયારીઓ કરીને પ્રવાસે ઊપડી રહ્યું છે. (merchant hull) વેપાર એટલે પ્રભુનાં આયોજનને ભૌતિકસ્તર સુધી વાસ્તવિક કરવાનું ધ્યેય. જગત પાછળ જે પ્રભુની સમૃદ્ધિ છૂપાયેલી છે તેને કાળના પ્રવાહમાં ઉત્ક્રાંતિ દ્વારા પ્રગટ કરવાં માટેનું આ પ્રયાણ છે. આ પ્રક્રિયામાં અચિતના પરિણામરૂપે જે ફીણ (હલાહલ વિષ) નિર્માણ થયું છે તેને હટાવવામાં આવે છે (Severing) અને આ શરીરરૂપી ભૂતળની અંદર (land-locked) કેદ થયેલ પ્રભુની અનંત-શકિતઓ રૂપી સમુદ્રને મુકત કરવામાં આવે છે. આ અચિતના દુષ્પરિણામો નષ્ટ થતાં જ શરીરના સૂક્ષ્મ સ્તરોમાં અને પાછળ રહેલ પ્રભુના પ્રકાશને જે આઘે આઘેના સૂક્ષ્મ વાસ્તવિકતાના હવામાનમાં જ (distant climes) હાલમાં પ્રગટ થાય છે તેનો સ્પર્શ મેળવીને તેને આ જડ ભૌતિક જગતમાં અવતરણ કરાવવાનું કાર્ય શરૂ કરવાનું હોય છે. તે મેળવવા અજાણ્યા બંદર તરફની (unknown harbour) આ યાત્રા શરૂ થાય છે. તેનો સ્પર્શ પામતાં જ તે પ્રકાશરૂપી ખજાનાને, સમૃદ્ધિને, ભૌતિક જીવનના મુકત વેપાર-કેન્દ્રમાં (open markets) લાવવામાં આવે છે અને તે સમૃદ્ધિનો ઉપયોગ (opulent) જીવનને આધ્યાત્મિક રીતે પલોટવાની કળામાં, રૂપાંતરની પ્રક્રિયામાં કરવામાં આવે છે. (arts) તેને કારણે પ્રથમ ભૌતિક જીવનમાં આકર્ષક ચમત્કારીક શક્તિઓની રેલમછેલ થતી લાગે છે. સિદ્ધિઓ પ્રગટ થતી લાગે છે. પણ ખરેખર તો તે બાળ-સાધકને ફોસલાવવાનાં રમકડાં જ હોય છે. ખૂબ જ વૈભવી લાગતી આ સિદ્ધિઓ (Rich)ની પાછળ અદિવ્ય શક્તિઓ (bales)ની બનેલી છાયા આકૃતિઓ (statuettes) વિચરતી હોય છે અને તેઓ  પોકાર કરી કરીને (hued canvases) પોતાનો પ્રચાર કરતાં હોય છે. બાળ-સાધક સામે આકર્ષક જીવનનાં રંગબેરંગી કેન્વાસ પેન્ટીંગના થપ્પેથપ્પા પાથરી અથવા હીરામોતી જડેલા રમકડાંના ઢગલાં કરી આપે છે અને તેની કઠોર સાધનાના ફળરૂપે (hard toil) થોડાં સમય માટેની (perishable products) સિદ્ધિઓની માયાજાળ બિછાવે છે અને ક્ષણિકમાં

નાશ પામતી (transient) અદ્‌ભૂત વસ્તુઓ (splendours) તેણે જીતી છે (won ) એમ કહીને આપતા હોય છે. પણ તે વસ્તુઓ થોડા જ દિવસમાં નાશ પામવાની એની જાણ કરતા નથી.

Or passing through a gate of pillar-rocks.
Venturing not yet to cross oceans unnamed
And journey into a dream of distances
He travels close to unfamiliar coasts
And finds new haven in storm-troubled isles
Or guided by a sure compass in his thought.
He plunges through a bright haze that hides the stars.
Steering on the trade-routes of Ignorance.

અથવા તો આ બધાં લોભામણા પથ્થરમાંથી કોતરેલા થાંભલાના ભવ્ય દરવાજામાંથી સદ્‌ભાગ્યે સુખરૂપ પસાર થઈ જાય છે. પણ સામે પથરાયેલા અજાણ એવા સમુદ્રની (unnamed) પેલી પાર જવાનું સાહસ કરવાની હિંમત કેળવી શકતો નથી. અને પોતાનાં આદર્શોરૂપી આઘે રહેલ સ્વપ્નીલ દુનિયાનાં પ્રવાસે પણ ઉપડી જતો નથી. આ જીવનરૂપી અજાણ્યા સમુદ્રના અજાણ્યા કિનારાઓ પાસે જ પ્રવાસ કરવાનું સુખરૂપ માને છે. અને તેને કારણે ભૌતિક જીવનમાંના કોઈ સુરક્ષિત બંદર (haven) શોધી ત્યાં રહે છે. પણ તે જાણતો હોય છે કે આ બંદર એક વાદળગ્રસ્ત ટાપુનું છે (storm-troubled isles) અને કયારે પણ જીવનમાં ઝંઝાવાત અને ઉત્પાત આવી શકે છે અથવા પોતાની વિવેકબુદ્ધિરૂપી હોકાયંત્ર વાપરીને જેની ઉપર તેને પૂરેપૂરો ભરોસો છે તે કોઈ તેજોમય ભૂલભૂલામણી ભર્યા ગૂંચવણોના (haze) મનોમય આદર્શોમાં ફરતો રહે છે, જ્યાં તેણે પોતાની સ્વપ્ન-દુનિયા છૂપાવી રાખેલી હોય છે(hides the stars) આ બધાં જ વિકલ્પો અને પ્રયત્નો ખરેખર તો અજ્ઞાત-ક્ષેત્રને લગતાં ચિરપરિચિત જેવા જ હોય છે, જેનો લોકો બહોળો ઉપયોગ કરીને સાચી સાધનામાં પ્રવેશવાની હિંમત કરતા નથી. આ એક રીતે સ્વ-સંમોહનના જ પ્રકારો છે.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# પ્રાણની વિવિધ કક્ષાઓ

(ભાગ.૧, પૃ.૩૭૩-૩૭૮)

પ્રકરણ - ૨૦

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રાણમય સ્વરૂપનાં ચાર ભાગ હોય છે..... પ્રથમ મનોમય પ્રાણ, બીજો ઊર્મિમય પ્રાણ..... ત્રીજો કેન્દ્રવર્તી પ્રાણ..... ચોથો નિમ્નપ્રાણ છે. પૃ.૩૭૩

૨ તેમનાં કેન્દ્રો અનુક્રમે..... (૧) ગળાથી હૃદય સુધી (૨) હૃદય (૩) હૃદયથી નાભિ (૪) નાભિની નીચે. પૃ.૩૭૩

૩ પ્રાણમય મન સ્વપ્ન સેવવાં..... કલ્પના કરવાનું કાર્ય છે. પૃ.૩૭૪

૪ (પ્રાણમય મન) તેનામાં પ્રમાણતાનું અથવા માપનું ભાન હોતું નથી.... આતુરતા હોય છે. પૃ.૩૭૭

૫ (પ્રાણમય મન) તેનો પાયો અહંકાર ઉપર રચાએલો હોય છે. પૃ.૩૭૭

૬ તેમાંથી અનાસક્ત અને તટસ્થ રહેવું એ ઉત્તમ વસ્તુ છે. પૃ.૩૭૭

૭ મનોમન વાર્તાલાપ કરવાની..... ટેવ પ્રાણમય મનની સાથે બનતી આવે છે. પૃ.૩૭૮

૮ ઊર્મિમય પ્રાણને એક ભાગ તરીકે ગણવું જોઈએ. પૃ.૩૭૮

૯ ઊર્ધ્વતર પ્રાણ..... પોતાની જાતને જીવનની વિશાળ ક્રિયાઓમાં ફેંકે છે. પૃ.૩૭૮

૧૦ નિમ્નપ્રાણ..... ઈચ્છાઓની અશુદ્ધ ગતિઓ સાથે સંબંધ ધરાવે છે. પૃ.૩૭૮

*****

પ્રાણમય ચેતનાનાં ચાર સ્વરૂપો છે : મનોમય પ્રાણ, ઊર્મિમય પ્રાણ, કેન્દ્રવર્તી પ્રાણ અને નિમ્નપ્રાણ.

મનોમય પ્રાણ, પ્રાણની લાગણીઓ, કામનાઓ, આવેશોને વિચાર અને વાણી દ્વારા પ્રગટ કરવાનું કાર્ય કરે છે. તે પ્રાણની મનોમય અભિવ્યક્તિ સ્વરૂપ છે. ઊર્મિમય પ્રાણ એટલે હૃદયમાં ઊઠતાં પ્રેમ, આનંદ, દુઃખ, સુખ, ધિક્કાર વગેરે અનુભવ કરાવતો પ્રાણ. કેન્દ્રવર્તી પ્રાણ દ્વારા મહત્ત્વાકાંક્ષા, અભિમાન, સત્તાની અને કીર્તિની ભૂખ વગેરે અહંકારની માગણીઓ વ્યક્ત થાય છે. જ્યારે નિમ્નપ્રાણ દ્વારા જીવનની ક્ષુદ્ર નાની મોટી ઈચ્છાઓ વ્યક્ત થાય છે.

આ ચારે પ્રાણના પ્રકારના શરીરસ્થ - કેન્દ્ર અનુક્રમે નીચે મુજબનાં હોય છે :

૧ મનોમય પ્રાણનું કેન્દ્ર ગળાથી હૃદય સુધીનો ભાગ.

૨ ઊર્મિમય પ્રાણનું હૃદયના આગળનો ભાગ.

૩ કેન્દ્રવર્તી પ્રાણનું હૃદયથી નાભિ સુધીનો ભાગ.

૪ નિમ્નપ્રાણનો નાભિથી નીચેનો ભાગ.

પ્રાણમય મન યોજનાઓ કરે છે, સપનાંઓ જુએ છે કલ્પનાનું જગત ખડું કરે છે; તે ભાવિ માટેનાં સપનાં હોય છે. જો અનુકૂળ સંજોગો લાગે તો સંકલ્પશક્તિ તેને અમલમાં મૂકી સિદ્ધ કરવા મથે છે. મહાન કાર્યો કરનાર વ્યક્તિઓમાં પ્રાણમય મન વધારે મજબૂત હોય છે. નબળા પ્રાણમય મનવાળો ફક્ત શેખચલ્લી વિચારો જ કરે છે.. તેને અમલમાં મૂકી શકતો નથી.

સાધનામાં જો પ્રાણમય મન નિરંકુશ બને છે તો તે ખોટી અને ભ્રામક અનુભૂતિઓ રચે છે. અદિવ્ય-શક્તિ આવા પ્રાણમય મન દ્વારા જ સાધકને ગેરમાર્ગે દોરતી હોય છે અને અંતે, અયશસ્વી કરીને નિરાશાની ખાઈમાં ધકેલી દે છે.

સાધના દરમિયાન શાંતિનું અવતરણ થવાથી જ્યારે વિવેકીમન શાંત અને નિષ્ક્રય બની ગયેલું હોય છે ત્યારે આવું પ્રાણમય મન તે અવકાશને પોતે ઘસારો કરીને ભરી દે છે અને તેમની પાછળ અદિવ્ય - શક્તિઓ સાધકના હૃદયનો કબજો લઈ ભ્રામક અનુભૂતિઓ રચે છે.

આ બધી વસ્તુઓ શાંતિમાં ખલેલ પાડતી હોય છે. ઘણી વખત નિમ્નપ્રાણ પણ મનોમય પ્રાણ સાથે પ્રવેશ મેળવી પોતાનો પ્રભાવ દર્શાવે છે. આવી સ્થિતિમાં

ઊર્વતર શક્તિઓ સ્વરૂપ જ્ઞાન, પ્રેમ, આનંદ વગેરેનું અવતરણ બંધ પડી જાય છે અને અવતરણ પામતી દિવ્ય-ચેતના પાછી ચાલી જાય છે. નિમ્નપ્રાણ કાયમ દિવ્ય-શક્તિઓનો ગેરઉપયોગ જ વધારે કરે છે.

તેથી સાધનામાં પ્રાણની વિશુદ્ધિની ખૂબ જ જરૂરી છે. તે સાચી અનુભતિઓ સાથે વધતી જ હોય છે. પ્રાણમય મન સંકલ્પ કરાવવામાં, તે મુજબ સક્રિય થવામાં, પ્રયત્ન કરીને યશ મેળવવામાં અને પરિણામ સ્વરૂપ સંતોષ મેળવવામાં જ પોતાની સમગ્ર શક્તિ વાપરતુંહોય છે, પણ તે ઉતાવળિયું હોય છે. આવેગમાં આવી કાર્ય કરે છે તેથી ઘણી વખત અવરોધો આવતાં નિરાશ થઈ જાય છે. વિચારશીલ મનનું તેની ઉપર પ્રભુત્વ હોવું જરૂરી છે.

પ્રાણમય મન ઊંઘમાં પણ કાર્ય કરી શકે છે. તે ભાવિનાં સપનાં સ્વરૂપ હોય છે, પણ તે સાધના માટે બહુ ઉપયોગી નથી. ત્યાં ઉચ્ચત્તર યોગની ક્રિયાઓ શરૂ થવી જોઈએ. ચિંતનાત્મક મનનાં નિયંત્રણ નીચે પ્રાણમય મન વધારે સારી રીતે કાર્ય કરી શકે છે. ઊંઘમાંની પ્રાણમય ભૂમિકા ઉપર પણ સાધકનું વર્ચસ્વ હોવું જરૂરી છે. તેવી સ્થિતિમાંની અનુભૂતિઓ સાધનામાં જરૂર મદદરૂપ થાય છે. અવચેતનમાંથી ઊઠતા પ્રાણમય આવેગો સાધનામાં હાનિકારક હોય છે. તે સમગ્ર વસ્તુને શાંત કરી દેવાની જરૂર છે.

પ્રાણમય મનની એક ખાસિયત હોય છે. તે સાધકમાં મનોરાજ્ય અથવા દિવાસ્વપ્નો રચે છે. તે સ્વપ્નાનું મુખ્યપાત્ર તે વ્યક્તિ પોતે જ બને છે. તે મહાન કાર્યો કરે છે અથવા મહાન સંતોની જેમ આદર્શવાદી આચરણ કરતાં દેખાય છે. ઘણી વખત પ્રાણમય મન સાથે જોડાએલાં નાનાં નાનાં સૂક્ષ્મ-પાર્થિવ સત્ત્વો આવો ખેલ કરીને પોતે તે વ્યક્તિની મૂર્ખતાની મજા માણતાં હોય છે. વિવેકી મન સામે આ બધી વસ્તુઓ રજૂ થાય તો તે આવી વસ્તુઓમાં રહેલી મૂર્ખાઈ અને આત્મશ્લાઘાને પકડી પાડે છે. પ્રાણમયમનમાં તારતમ્ય કે પ્રમાણનું ભાન જરાપણ હોતું નથી. આ બધાંમાંથી સાધકે મુક્ત થવાની જરૂર છે.

પ્રાણમય મન પોતાની પરિચિત વ્યક્તિ સાથે મનમાં ને મનમાં વાર્તાલાપ કરવાની ટેવ પણ પાડે છે. ખરેખર તો આ સૂક્ષ્મપાર્થિવ જગત ઉપર કાર્ય કરવાની એક રીત છે, પણ પ્રાણમય મનને આની ગંભીરતા ખબર ન હોવાથી તે જાણતા-

અજાણતા સામી વ્યક્તિને ફાયદો કે નુકસાન કરતું હોય છે.

ઊર્મિમય પ્રાણ અને ઊર્ધ્વપ્રાણ બન્ને વચ્ચેનો તફાવત સૂક્ષ્મ હોવાથી તે સમજવો જરા મુશ્કેલ છે. મનનાં પ્રદેશમાં પ્રાણશક્તિ જ્યારે કામ કરવા માંડે છે, તેમાં જે એક સ્તર કે પ્રકાર નિર્માણ થાય છે, તેને ઊર્મિમય પ્રાણ કહે છે. તેમાં હ્દયમાં ઊઠતી પ્રેમ, આનંદ જેવી સંવેદનાઓ પ્રગટ થતી હોય છે. આ ઊર્મિમય પ્રાણની પણ ઉપર ઊર્ધ્વપ્રાણ પ્રાણમય પ્રકૃતિના ટોચ ઉપર બેસેલો હોય છે તેથી ઘણી વખત ઊર્મિમય પ્રાણને ઊર્ધ્વપ્રાણના નિમ્નભાગ તરીકે વર્ણવવામાં આવે છે. આ બન્નેથી તદ્દન અલગ નિમ્નપ્રાણનો પ્રદેશ છે. ઊર્ધ્વપ્રાણમાં શક્તિ, બળ, સર્જન-શક્તિ, આત્મસમર્પણ અને નિમ્નપ્રાણ ઉપર વિજય મેળવવા જેવી ક્ષમતાઓ ખાસ દેખાય છે. નિમ્નપ્રાણ શારીરિક પ્રાણ સુધી ફેલાયેલો છે અને ભૂખ, શારીરિક સંવેદનો, શારીરિક-દુઃખ, સંતોષ વગેરેનાં મર્યાદિત ક્ષેત્રમાં કામ કરે છે.

નિમ્નત્તર પ્રાણમાં લાલસા, લોભ, મિથ્યાભિમાન, ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષા, ગુસ્સો, ઈર્ષા, અદેખાઈ જેવા ભાવો પ્રબળ હોય છે, તેથી તેને નિમ્નપ્રાણથી પણ જુદો પાડેલો છે; પણ બાહ્ય-સ્વરૂપને આંતર-સ્વરૂપ સાથે જોડવાનું મહત્ત્વનું કામ તે કરતો હોય છે.

---

(પૃ.૧૧ ઉપરથી)

## દિવ્ય-જીવન

અખંડ અને સર્વવ્યાપિ છે. તે પ્રકટ અને અપ્રકટ રહી શકે છે અને તે મુજબ તે વિવિધ ચેતનાના સ્તરો ધરાવે છે. તે એક નિગૂઢ તત્ત્વ છે.

ઋષિઓ આને જ પરમ-ચેતના કહેતાં. આ તત્ત્વ સર્વવ્યાપી હોવાથી તેને ‘બ્રહ્મ’ કહેતાં. તેણે જ આ જગતના વસ્તુમાત્રનું સ્વરૂપ ધારણ કરેલ છે, તેથી તેને ધાતા પણ કહેતા. તેણે જ અનેકવાર આ જગતનાં રૂપો ધારણ કરેલાં છે તેથી ‘ધાતા યથાપૂર્વમ્ અકલ્પયાત્’ એવા ઉદ્‌ગારો ઋષિઓએ કાઢેલાં છે, તે જ બધું છે તેથી ‘સર્વ ખલુ ઇદં બ્રહ્મ’ કહેતાં.

ચેતનાનું આ સ્વરૂપ છે. સચિત્ શક્તિના અસ્તિત્વનો આ પૂરાવો છે.

# અતિમનસની આવશ્યકતા

(ઉપનિષદો, પૃ.૧૨૪-૧૨૮)

મર્યાદિત મનસ્તત્ત્વને આપણે ત્રણ તત્ત્વમાં વિભાગી શકીએ છીએ - સંવેદનાઓ, તર્કશુદ્ધ વિચાર અને કલ્પનાશક્તિ. સંવેદન એટલે વસ્તુને ભૌતિક રીતે માણવાની રીત છે. વિચાર એટલે વસ્તુમાંનું હાલનું સત્ય જાણવાની અને તેને પ્રાપ્ત કરવાની રીત છે. કલ્પનાશક્તિ એ વસ્તુમાં રહેલી ગુપ્તક્ષમતાઓને અંદાજવાની તેમને વાસ્તવિક કરવાની અને વાપરવાની રીત છે.

પણ મન આ ત્રણે ક્ષમતાઓને પૂરેપૂરું વિકસાવી શક્યું નથી. તે ટૂંકું પડે છે, તેથી આ વિકાસ માટે મનસ્તત્ત્વને કોઈ અન્ય તત્ત્વની મદદ લેવી જરૂરી છે. જે તત્ત્વ વસ્તુની બધી જ ક્ષમતાઓ પહેલેથી જાણતું હોય અને તેનો ઉપયોગ પણ કરી જાણતું હોય તેને. આપણે ઋત્-ચેતના અથવા અતિમનસ - ચેતના કહીએ છીએ. તે સત્યને સીધેસીધું અને પૂર્ણરીતે જાણે છે.

વેદ જણાવે છે કે આનંદમય ચેતના છે, જે દરેક વસ્તુમાંનો આનંદ પ્રગટાવી શકે છે. તેને તેઓ ‘રસ’ કહે છે. મનમાં બધી જ વસ્તુઓમાંનો આ આનંદરસ પ્રગટાવવાની ક્ષમતા પણ નથી જે ઋત્-ચેતનામાં છે. મનનું પ્રગટીકરણ એ તો વચગાળાની એક અવસ્થા માત્ર છે.

પ્રાણતત્ત્વને અનુકૂળ વાતાવરણ મળ્યું તો તે પ્રગટ થયું. મનસ્તત્ત્વને અનુકૂળ વાતાવરણ મળ્યું, તેથી તે પ્રગટ થયું. એ પ્રમાણે અતિમનસને અનુકૂળ વાતાવરણ મળશે ત્યારે તે પ્રગટ થશે.

હાલમાં માનવચેતનાના વિકાસમાં આ સ્વરૂપનો વિકાસ ચાલી રહ્યો છે તે બધાં જ માનવોમાં સમાન કક્ષાએ નથી ચાલી રહ્યો. ક્યાંક તો તે વિકાસની

શરૂઆત પણ થઈ નથી. તેથી જ્યારે અતિમાનવ જાતિ જન્મશે ત્યારે હાલની માનવજાતિનાં અપ્રગટ લોકો માનવજાતિ તરીકે ચાલુ રહેશે, જેમ પ્રાણીઓ માનવ સાથે રહે છે તેમ જ. તેથી ઋષિઓની અતિમનસની ''મનના મનની'' કલ્પના શક્ય જણાય છે.

માનવમાં સભાન રીતે પ્રયત્નો કરી વિકાસ કરવાની ક્ષમતા છે. તે માનવતાની પેલેપાર પોતાને લઈ જઈ શકશે. ઉત્ક્રાંતિનો આ પ્રથમ જ સભાન તબક્કો છે, જેમાં વિકાસની પ્રક્રિયા વિકસતું પ્રાણી પોતે સમજી શકે છે.

આ અતિમનસમાં સનાતન જ્ઞાન, સનાતન આનંદ અને સનાતન સંકલ્પ પહેલેથી જ હશે. તે પોતે પોતાની બાબતમાં પૂરેપૂરું સભાન હશે. માનવ હજી તેની બાબતમાં સભાન નથી પણ માનવની અભાનતા તે અતિમનસ તત્ત્વ પોતે અભાન છે તેમ પૂરવાર કરતું નથી.

આ પુરાતન વૈદિક સિદ્ધાંતોના વિરોધી કુતર્કો હવે, આધુનિક વિજ્ઞાનના જ્ઞાનથી ધોવાતા જઈ રહ્યાં છે.

---

(પૃ.૮ ઉપરથી)

## પ્રાર્થના છે, અંતરનો પોકાર

નથી. તેને કર્મના નિયમના આધારે જીવવા દે છે. આથી ભગવાનને વારંવાર બોલાવવા પડે છે. તીવ્રપણે બોલાવવાં પડે છે. જેમ કોઈ અધિકારી પાસે કામ કરાવવું હોય તો અનેકવાર ફોન કરવા પડે, રૂબરૂ બે ચાર ધક્કા ખાવા પડે, વિનંતી કરવી પડે, ત્યારે કાર્ય પાર પડે છે. તેમ ભગવાન જ્યાં સુધી જવાબ ન આપે ત્યાં સુધી તીવ્રપણે તેમને બોલાવવા પડે છે. એટલું જ નહીં, પણ જો દિવ્યવસ્તુઓ ભગવાન પાસેથી જોઈતી હોય તો વારંવાર માંગવી પડે છે. જ્યાં સુધી એ ન મળે ત્યાં સુધી માંગણી ચાલુ રાખવી પડે છે. દિવ્ય વસ્તુઓ મેળવવા માટે પાત્રતા કેળવવી પડે છે. સામાન્ય વસ્તુઓ ભગવાન સહેલાઈથી આપી દે છે, પણ દિવ્યવસ્તુઓ સહેલાયથી આપતા નથી. આથી વારંવાર માગવી પડે છે. આ માટે પ્રાર્થના આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. ભગવાનની નજીક જવા માટે પ્રાર્થનારૂપી સેતુની અત્યંત જરૂર છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)
પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વેદના પ્રથમ સૂક્તમાં આપણે જે સત્યનો વિચાર જોયો છે, તેમાં અમરતા અને આનંદની સ્થિતિરૂપ પારમાનસિક ચેતનાનો ખ્યાલ સમાયેલો હોય, અને જો તે..... મુખ્ય વિચાર હોય તો..... બીજા તેના ઉપર આધાર રાખતા માનસશાસ્ત્રીય સાક્ષાત્કારોના કેન્દ્રવર્તી તરીકે તે વિચાર વારંવાર સમગ્ર વેદમાં મળવો જોઈએ. પૃ.૧૦૨

૨ પ્રથમના માનવને માનસિક ખ્યાલો માટે શબ્દ શોધવાની જરૂર પડી, ત્યારે તેની પાસે તરત હાથ લાગે તેવી સહેલી રીત એ હતી કે સ્થૂળ શારીરિક ક્રિયાના શબ્દોને માનસિક ગતિ માટે લાગુ કરવા. પૃ.૧૦૪

૩ સૂક્તોના માનસશાસ્ત્રીય અર્થમાં ઇન્દ્ર મનશક્તિનું પ્રતીક છે. સ્વર (સ્વર્ગ) તે પ્રકાશને સીધી રીતે ઝીલતી માનસ-ચેતનાની ભૂમિકા છે. વાયુ હંમેશા પ્રાણ અથવા જીવનશક્તિ સાથે સંબંધિત છે..... જે ઇન્દ્રની નિયમિત માનસિક શક્તિઓના ટેકારૂપ છે. આ બે દેવોને (ઇન્દ્ર-વાયુ) સાથે જ સોમપાન કરવા માટે આવાહન કરવામાં આવ્યું છે...... સોમ આનંદનું માદક પીણું છે. અસ્તિત્વનો દિવ્ય આનંદ છે, જે સત્ય ચેતનામાંથી મન પર વહી આવે છે. પૃ.૧૦૫

૪ મનશક્તિએ તથા પ્રાણશક્તિએ અંદર વહી આવતા આનંદ પ્રત્યે..... જાગૃત થવાનું છે. પૃ.૧૦૬

૫ માનસિક તથા પ્રાણિક શક્તિઓ..... તે સોમરસને સ્વીકારે છે. (ચૈતથઃ સુતાના વાજિનીવસુ (૧-૨-૫) (વાજિની = પ્રાણશક્તિ, વસુ = ઈન્દ્ર). પૃ.૧૦૬

૬ 'ધી' સમજશક્તિ છે. ઈન્દ્ર અને વાયુના સહયોગથી તૈયાર મનોદશા અને ઋતમ્ (સત્યચેતના) વચ્ચે ધી સમજણશક્તિ સાંકળરૂપ છે. પૃ.૧૦૬

૭ સત્યના કાર્યને સૂચવતા ચાર દેવોમાંના વરુણ અને મિત્ર બે છે. પૃ.૧૦૬

૮ સૂક્તની પ્રથમ ત્રણ ઋચાઓમાં માત્ર વાયુનું જ આવાહન કરવામાં આવ્યું છે, કારણ પ્રથમ પ્રાણિક શક્તિઓને તૈયાર કરવાની છે. પછી..... ઈન્દ્ર વાયુના યુગલ વડે..... માનસને તૈયાર કરવાનું છે. છેલ્લે બુદ્ધિને પરિપૂર્ણ કરી તેના કાર્યોને વિશાળ બનાવવાની..... તૈયારી કરવાની છે. પૃ.૧૦૬

૯ વેદની શૈલી એવી છે કે જ્યારે વિચારની એક ગતિમાંથી વિકસતી બીજી ગતિ તરફ પલટો આવે ત્યારે પહેલા ભાગમાં વપરાયેલા અગત્યના શબ્દોની..... પુનરાવૃતિ કરવામાં આવે છે. પૃ.૧૦૭

૧૦ ધી શબ્દ ધા ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે..... ધા એટલે ધારણ કરનાર. પૃ.૧૦૭

૧૧ પ્રકાશિત વિચારને સિદ્ધ કરતા ''ધિયં ધૃતાચી સાધન્તા'' ધિયં ધૃતાચીમ્‌નો અર્થ થયો સમૃદ્ધ અને પ્રકાશયુક્ત માનસિક ક્રિયાથી પરિપૂર્ણ બુદ્ધિ. પૃ.૧૦૭

૧૨ મિત્ર પુતદક્ષ છે. વિશુદ્ધ નિર્ણય શક્તિવાળો છે. વરુણ 'રિશાદસ' છે. બધા હાનિ પહોંચાડનાર શત્રુઓનો નાશ કરનાર છે. પૃ.૧૦૭

૧૩ મિત્ર વરુણની પેઠે..... પ્રકાશ અને સત્યની શક્તિ છે. તે વૈદિક આનંદના -મયસ્-ના પાયારૂપ પ્રેમ, આનંદ અને સંવાદિતા છે. પૃ.૧૦૮

૧૪ માનવમાં ઋતમ્‌ના કાર્યની વુદ્ધિ કરતા (ઋતાવધા) ઋત્‌ને સ્પર્શ કરતા, પ્રાપ્ત કરતા (ઋત્સ્પૃશા) તેઓ..... આંતરયજ્ઞની મુખ્ય અસરકારક, સાધિકા, સંકલ્પશક્તિ . (ઋતુ બૃહન્તમા) વિશાળતા આપે છે. પૃ.૧૦૮

૧૫ (તે) મર્યાદાની દીવાલ વગરની વિશાળતામાં કામ કરે છે. (ઉરૌ અનિબાધે). પૃ.૧૦૯

૧૬ ‘તુ વિજાતા’નો અર્થ થયો..... ઘણાં સ્વરૂપો અને ક્રિયાઓમાં પ્રગટ થતાં. પૃ.૧૦૯

૧૭ ઉરક્ષયાનો અર્થ છે - વિશાળતામાં વાસ કરતા. પૃ.૧૦૯

૧૮ દક્ષં દધાતે અપસમ્ - સત્ય પ્રત્યેની એકાગ્રતા અર્થાત્ વિવેકશક્તિ હવે આત્મશક્તિ તરીકે પ્રવાહિત થાય છે. (અપસમ્ - પ્રવાહિત થવું) પૃ.૧૦૯

૧૯ અધા હ્યગ્ને હતોભદ્રસ્ય દક્ષસ્ય સાધોઃ । રયિર્ઋતસ્ય બૃહ્તો બભૂય (૪-૧૦-૨) હે અગ્નિ, પછી તું કલ્યાણકારી (ભદ્રસ્ય) એકાગ્રતા (દક્ષસ્ય) રૂપી યજ્ઞથી (ક્રતોઃ) બીજસ્વરૂપ સત્યની વિશાળતાને પરિપૂર્ણ બનાવે છે. (રયિ બભૂવ) અને (મનમાં) પ્રવાહિત કરે છે. (સાધોઃ) પૃ.૧૧૦

૨૦ સમગ્ર ઋગ્વેદમાં બે પ્રકારનાં વિષયને સતત જુદી જુદી રીતે વર્ણવે છે - એક, મન અને શરીરમાં માનવની પૂર્વ તૈયારી..... બીજું, વિશાળ સત્ય અને આનંદનો વિકાસ..... તે દ્વારા માનવમા દેવતાની અમરતાની સિદ્ધિ. પૃ.૧૧૧

---

(પૃ.૪૧ ઉપરથી)

## ધી મધર્સ એજન્ડા

અર્થાંત માતાજીને આ પદ્ધતિ ૧૯૧૪થી ખબર જ હતી. પ્રાર્થના અને ધ્યાનના તા.૨૩ માર્ચ ૧૯૧૪ની પ્રાર્થનામાં માતાજી જણાવે છે કે -

‘‘પૃથ્વી ઉપર પરમ-ચેતનાના આવિર્ભાવની ક્રિયાને વધુમાં વધુ સરળ કરી આપવા માટેનો માત્ર ‘એકજ ’ ઈલાજ છે. અને તે એ કે અમારી કલ્પના જે ઉચ્ચમાં ઉચ્ચ અને શુદ્ધમાં શુદ્ધ પ્રકાશની કલ્પના કરી શકે તેની સાથે અમારાથી બને તેટલાં સંપૂર્ણભાવે અમે એકતા કરી લઈએ. એ પરમ-ચેતના સાથે અમારી ચેતાનાનું શક્ય તેટલું સંપૂર્ણ તાદાત્મ્ય અમે કરી લઈએ, અમારી સઘળી પ્રેરણા માત્ર તેમાંથી જ મેળવીએ, અને એ ચેતનાની શક્તિમાં વિશ્વાસ રાખીને જગતની સર્વ ઘટનાઓને સ્વસ્થતાથી નિહાળીએ.’’

પ્રાર્થના અને ધ્યાન - ૨૩.૩.૧૯૧૪

# શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો

પ્રકરણ - ૪૧

(પૃ.૧૭૫-૧૭૯)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ બધી પાત્રતાઓ ચકાસવામાં વાર લાગે છે તેથી ઘણી વખત જે અભિપ્સુઓ આવતાં તેમને લાંબા સમય સુધી ચકાસણી નીચે મૂકવામાં આવે છે અને તેમાં યોગ્ય લાગે તો જ સ્વીકારવામાં આવે છે. તેમનાં અસ્વીકારના નીચેનાં કારણો હોઈ શકે છે :

૧ હાલના તેના વિકાસના તબક્કામાં યોગ તેને જરૂરી ન હોય.

૨ તેને પૂર્ણયોગનાં સત્યો જીરવવામાં મુશ્કેલી અનુભવાય છે. તેનું દબાણ તે સહન કરી શકતો નથી.

૩ તેના જીવનમાં અન્ય કોઈ મહત્ત્વાકાંક્ષા પાછળના બારણેથી ડોકાતી લાગે છે.

૪ તેનો નિર્ણય હજી પાકો નથી. નવીનતાનું આકર્ષણ ઓસર્યા બાદ તે બીજી નવીનતા પાછળ દોડવાની શક્યતા છે.

૫ આશ્રમવાસી થવાની ઈચ્છા પાછળ અન્ય પરિબળો છે જે યોગની જિજ્ઞાસાથી તદ્દન જુદાં અને વ્યવહારુ છે.

ઘણાં સાધકો એમ માને છે કે શ્રી અરવિન્દનો યોગ ખૂબ જ અઘરો અને સામાન્ય માનવ માટે અશક્ય જ છે. કારણ શ્રી અરવિન્દ તો વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતાં હતાં અને તેમણે તેનાં જોરે પોતાનું આધ્યાત્મિકરણ અને દિવ્યકરણ કરીને પૂર્ણયોગનાં પરિણામો મેળવી બતાડ્યાં છે. શ્રી અરવિન્દ આ ગેરસમજ

દૂર કરવા માંગે છે. તેઓ જણાવે છે કે ખરેખર તો તેમને જે સહજ રીતે નિર્વાણની અવસ્થા પ્રાપ્ત થઈ હતી. નીરવ મનની અવસ્થા પ્રાપ્ત થઈ હતી તેમાં ઊર્ધ્વમાંથી બુદ્ધિથી પર એવું દિવ્ય જ્ઞાન અવતરણ પામેલું જેની મદદથી તેમણે પોતાનાં ઉપરનાં પરિણામો હાંસલ કરેલાં. પણ હવે સાધકોને તે જ્ઞાન ઉપલબ્ધ છે અને માર્ગદર્શન પણ ઉપલબ્ધ છે તેથી તેમને શ્રી અરવિન્દ અને માતાજી જેટલાં પરિશ્રમ નહીં લેવા પડે. તેઓ પૂર્ણયોગના સાધકો માટે જાણે જંગલમાં નવી જ કેડી કંડારી રહ્યાં છે. છતાં આ યોગ સહેલો છે એમ પણ નથી. ખરેખર તો જેમને પોકાર થયો છે, જે પસંદ થયા છે તેમને જ આ યોગ શક્ય બને છે.

બીજું, આ યોગથી સાધક નિષ્ક્રિય થઈ જાય છે તેમ પણ નથી. શ્રી અરવિન્દે 'ગીતા નિબંધો' આ દિવ્યજ્ઞાન વિશદ કરતો ગ્રંથ પેલી નીરવ-મનની અવસ્થામાં જ લખેલો હતો.

---

(પૃ.૩૮ ઉપરથી)

## ગૌણ દેવતાઓ

તેઓ ચિત્તની વિક્ષપ્તતાના, ક્ષુબ્ધતાના મૂઢતાના કારણરૂપ દર્શાવેલ છે. તે માણસને વિક્ષુબ્ધ કરી તેનાં મન, બુદ્ધિ ચિત્તને મૂઢ કરી નાખે છે. તેમને પોતાની આ ક્ષમતાઓ શત્રુ ઉપર વાપરવાની પ્રાર્થના કરેલી છે. તેમનાં જેવા જ કામ કરનારા અન્ય દેવતાઓમાં રાત્રી અને ઈચ્છાનો ઉલ્લેખ છે. અન્ય દેવતાઓ સાથે તેનો ઉલ્લેખ જોવા મળે છે.

**૧૫ અનુમતિ:**

અનુમતિને લોકોને સૌભાગ્ય આપવાનું કામ દેવોએ સોંપેલું છે. નિરસ્મભ્યમનુમતી..... દેવા..... સૌભાગ્યાય (અર્થવ ૧-૧૮-૨) અનુમતિ ગર્ભના અવયવો રચે છે. તે ખોવાયેલા ઢોરને પાછા લાવે છે અર્થાત્ સાધકનો દિવ્ય દેહ રચે છે. તે વિખરાયેલી ચેતનાને ફરી એકાગ્ર કરે છે. અમર કોષ મુજબ પૂનમનાં દેવતા રાકા છે પણ તેની એક કલા ઓછી હોય એવી સુદ ચૌદસની દેવતા અનુમતિ છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# બે રાજમાર્ગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૪૮

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **શાંતિ..... નીરવતા પોતાની અંદર લાવવાનો સૌથી વધારે ખાતરીભર્યો ઉપાય ઊર્ધ્વમાંથી તેમનું અવતરણ થાય તેમાં રહેલો છે. પૃ. ૪૫**
- **..... જે પ્રક્રિયા વડે અવતરણ કરે છે તેને વિષે સાધક સચેતન હોતો નથી. પૃ.૪૫**
- **અને છતાં ઊર્ધ્વ ચેતનાનાં એ તત્ત્વો ખરું જોતાં ઊર્ધ્વ ભૂમિકામાંથી જ આવતા હોય છે. પૃ.૪૫**
- **કેવળ શાંતિ અને નીરવતા જ નહિ પરંતુ જ્ઞાન, જ્યોતિ, શક્તિ, દિવ્ય દૃષ્ટિ, દિવ્ય વિચાર, આનંદ એ સઘળાં ઊર્ધ્વમાંથી જ આવતાં હોય છે. પૃ.૪૫**
- **વળી એ પણ શક્ય છે કે અમૂક અંશ સુધી એ તત્ત્વો અંતરાત્મામાં આવે..... પૃ.૪૫**
- **પછી પ્રકૃત્તિના બીજા ભાગોમાં અંતરાત્મામાંથી પ્રગટે છે કે પછી અંતરાત્મા સાધકની પ્રકૃત્તિનો નેતા બને છે ત્યારે પ્રગટ થાય છે.**
- **અંતરાત્મામાંથી પ્રગટ થવું...... ઊર્ધ્વમાંથી અવતરણ કરવું એ બે યોગસિદ્ધિના રાજમાર્ગો છે. પૃ.૪૬**
- **એટલાં માટે આ યોગસાધનામાં અમે ચેતનાને ઊર્ધ્વ પ્રત્યે ખુલ્લી કરવા ઉપર ભાર મૂકીએ છીએ..... આ સાધનાની સિદ્ધિ માટે તે અનિવાર્ય છે. પૃ.૪૬**

*****

શ્રી અરવિન્દ પૂર્ણયોગમાં દિવ્ય તત્ત્વનું અવતરણ કરવાનું છે તેનાં મહત્ત્વ

વિષે સમજાવી રહ્યાં છે.

સાધના દરમિયાન કે કાર્ય દરમિયાન સાધકને જે શાંતિ કે નીરવતાનો અનુભવ થાય છે તેનું અવતરણ તો ઊર્ધ્વ કક્ષાએથી જ થયું છે. સાધક અનુભવે છે કે શુભ કાર્ય કર્યું હોય, કોઈ દિવ્ય કાર્ય કર્યું હોય, પ્રભુ સેવા કરી હોય, કે નિષ્ઠાપૂર્વક ધ્યાન કે પૂજા-પ્રાર્થના થયા હોય ત્યારે એક પ્રકારની શાંતિ અને આનંદ આવે છે. ઘણીવાર આ પ્રકારની શાંતિ કે નીરવતાનો અનુભવ સાધકને અકારણ આવે છે. ખરેખર તો આ શાંતિનું ઊર્ધ્વના પ્રદેશમાંથી સાધકમાં અવતરણ થયું હોય છે. પરંતુ તેની પ્રક્રિયાની જાણ જ ન હોવાથી સાધકને તે સપાટીની ચેતનામાં સીધેસીધું અનુભવાય છે. કોઈ વખત સાધક અનુભવે છે કે આ શાંતિ કે નીરવતા અંતરના ઊંડાણમાંથી પ્રગટતા હોય તેવું લાગે છે. જ્યારે ચૈત્યપુરુષ ઊર્ધ્વમાં ખુલ્લો હોય છે તે આ પ્રકારના ઊર્ધ્વ તત્ત્વોનું પોતાનામાં અવતરણ અનુભવતો હોય છે અને પ્રસંગોપાત પ્રકૃતિની શુદ્ધિ કે નમનીયતા મુજબ આ પ્રકારની શાંતિ, નીરવતા કે આનંદ સાધકને પોતાની અંદરના ઊંડાણમાંથી પ્રગટતી અનુભવાય છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે ઊર્ધ્વમાંના તત્ત્વો ફક્ત શાંતિ કે નીરવતા જ નથી પરંતુ ઊર્ધ્વમાંથી આનંદ, પ્રકાશ, શક્તિ, દિવ્ય દૃષ્ટિ, દિવ્ય વિચાર કે સંકલ્પો પણ ઊતરી આવીને સાધકની સાધનાને ઉત્સાહ અને આનંદ આપતાં હોય છે.

ઊર્ધ્વમાંથી અવતરણ કે ચૈત્યપુરુષમાંથી પ્રગટ થવું આ બંને સાધના પથના રાજમાર્ગો છે. સાધક પોતાના આ ઊર્ધ્વના તત્ત્વોને પોતાના મન દ્વારા કે, પ્રાણની ઊર્મિઓ દ્વારા અથવા તો એક પ્રકારની તપસ્યા દ્વારા પણ અવતરણ કરાવી શકે છે. પરંતુ આ પ્રકારે કરાવેલું અવતરણ આંશિક, અનિશ્ચિત અને અપૂર્ણ હોય છે. તે આ રાજમાર્ગોની કક્ષાનું હોય શકે નહિ.

પૂર્ણયોગમાં પોતાને ઊર્ધ્વ પ્રત્યે ખુલ્લાં કરવા પર ખાસ ભાર મૂકવામાં આવે છે. તેનું કારણ આ છે તેમ શ્રી અરવિન્દ ભારપૂર્વક જણાવે છે. તેમજ સૂક્ષ્મ મન, સૂક્ષ્મ પ્રાણ, સૂક્ષ્મ અન્નમયને ચૈત્યપુરુષ પ્રત્યે ખુલ્લા કરવાં અને સાથે સાથે મનથી ઊર્ધ્વમાં જે સત્ય રહેલું છે તેની પ્રત્યે ચેતનાને ખુલ્લી કરવી આ બંને પ્રક્રિયાઓ દ્વારા બંને રાજમાર્ગો પૂર્ણયોગમાં અનુસરવામાં આવે છે.

ચેતનાના આ ઊર્ધ્વમાં પૂર્ણપણે ખુલ્લાં થયા વગર પૂર્ણયોગની સાધના કરી શકાતી નથી.

# શારીરિક અને ભૌતિક તત્ત્વ ઉપરનો વિજય

(૧૫-૮-૨૪) (પૃ.૨૩૩-૨૩૫) ૪૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : તમારી સાધનામાં તમે તમારા મૃત્યુ બાબતમાં શું અનુભવો છો?

શ્રી અરવિન્દ : ત્રણ વસ્તુ મારું મૃત્યુ લાવી શકે (૧) અકસ્માત (૨) ઉમર અને ઘડપણ (૩) મારી પોતાની પસંદગી. જો મને લાગશે કે આ વખતે અતિમનસ શક્ય નથી તો હું સ્વૈચ્છિક રીતે મૃત્યુનો સંકલ્પ કરીશ.

શિષ્ય : જો શરીરમાં શક્તિ, શાંતિ અને આનંદને સ્થાપીએ તો શું મૃત્યુ ટાળી શકાય?

શ્રી અરવિન્દ : તે એક સર્વ સામાન્ય સત્ય છે શારીરિકમાં વિગતે જ બધું શક્ય બને છે.

શિષ્ય : તેવી ઘટના પ્રાણમય અસ્તિત્વમાં થાય છે ત્યારે સનાતનતાનો ભાવ જાગે છે.

શ્રી અરવિન્દ : તે પ્રાણમય પુરુષનો ભાવ હોય છે. શરીરનો નહીં. ચાણોદના બ્રહ્માનંદ સ્વામી ત્રણસો વરસ જીવ્યા. પણ એક કટાઈ ગએલી ખીલી વાગતા જ ધનુર્વા થઈને ગુજરી ગયા. પ્રાણનો સનાતનતાનો ભાવ શરીરને માન્ય હોતો નથી. શારીરિક વિજય લાંબો સમય માગી લે છે, કારણ શારીરિકના નિમ્નતર સ્તરો તમારી નજરથી છૂપાએલા જ રહે છે અને તમને પૂરેપૂરો વિજયનો વિશ્વાસ જાગે ત્યારે જ બરાબર પ્રગટ થઈ પોતાનું પોત પોકારે છે

અને તમને તે તત્વના રૂપાંતર માટે ફરી સાધના કરવી પડે છે. શારીરિક કોઈ વખત સંપૂર્ણ રીતે તમારી સામે પોતાને ખુલ્લું કરતું નથી. વિરોધી બળો તેની નબળાઈઓ જાણતા હોય છે અને તેનો ઉપયોગ કરીને પોતાનો મોરચો માંડે છે નબળાઈ અવરોધ સર્જે તેવા સંજોગો ગોઠવે છે. તેના ઉપર કાબૂ મેળવીએ તે પહેલા તે કાબૂ બહાર ગયાં હોય છે અને યોગીને પછડાટ ખાવી પડે છે. મોત પણ આવી શકે છે.

શિષ્ય : શારીરિક આટલું જક્કી અને જટીલ કેમ છે?

શ્રી અરવિન્દ : તે તેમની પ્રકૃતિ જ છે. સહેલી હોત તો મન્વન્તરો ને કલ્પો લાગ્યાં ન હોત. ભગવાન સાધનાને સહેલી કરવા માગતા નથી એમ સમજો.

શિષ્ય : આપે જણાવેલું કે ભૂતકાળમાં આ પ્રયોગ ઘણી વખત કરવામાં આવેલો અને યશસ્વી થયાની શક્યતા છે.

શ્રી અરવિન્દ : તે બાબતમાં કાંઈ કહી ન શકાય.

શિષ્ય : પણ તમે કહેલું આ વખતે કંઈક થશે જ.

શ્રી અરવિન્દ : થોડીક પ્રગતિ તે ક્ષેત્રમાં થશે જ એવો તેનો અર્થ છે. અંતિમ વિજયની વાત નથી.

શિષ્ય : તમારા વિધાનમાં કોઈ સુધારો વધારો?

શ્રી અરવિન્દ : આવતાં ઓગષ્ટમાં પૂછજો, કારણ આ વખતે મારી આશામાં વધારો થએલો છે. ગયા વર્ષ કરતાં આ વર્ષે પ્રગતિ સારી છે. ગયું વર્ષ ખૂબ જ આકરું ગયું. અંધકારના બળોનાં સતત હુમલા થયાં. આ વર્ષે તેઓ ચાલ્યા ગયા છે. એવું લાગે છે.

શિષ્ય : તમારી સાધના ક્યારે પૂરી થશે?

શ્રી અરવિન્દ : શું મારે ભાવિ-કથન કરવાનું છે. યોગ સાધનામાં ભગવાન યોગીને બધું જ અગાઉથી બતાડતા નથી. વૈશ્વિક તૈયારીઓ થયા

બાદ જ દર્શાવે છે. ઈશ્વર પરિસ્થિતિ તૈયાર થાય ત્યારે જ નિશ્ચિત નિર્ણય લેતા જણાય છે.

શારીરિકમાં એક જ વસ્તુ વિવિધ રૂપે વારંવાર આવે છે અને અવરોધ નિર્માણ કરે છે તેને લગતી બધી વિગતો તમે જાણી લો. ત્યાં સુધી આમ જ ચાલે છે.

શિષ્ય : વૈશ્વિક પરિસ્થિતિ શારીરિક રૂપાંતર માટે અનુકૂળ બની ગઈ છે?

શ્રી અરવિન્દ : શારીરિક ચેતના માટે સર્વસાધારણ વૈશ્વિક પરિસ્થિતિ તૈયાર થઈ ગઈ છે. આરોગ્યની બધી રીતે કાળજી લેવાય છે. ઔષધો શોધાય છે. અન્યોન્યને મદદ અપાય છે વગેરે વગેરે. પણ જડ ભૌતિક સ્તરે હજી વૈશ્વિક પરિસ્થિતિ સર્જાઈ નથી. ભૌતિક તત્ત્વનું અંતિમ સત્ય હજી હાથ લાગ્યું નથી. પરમાણુ અને અવપરમાણુનો (કવાર્ક) અભ્યાસ ચાલુ જ છે. પૂરેપૂરું જ્ઞાન મળ્યું નથી. તેથી ભૌતિક તત્ત્વ સૌથી વધારે જોખમપૂર્ણ છે.

શિષ્ય : તેવું શા માટે છે?

શ્રી અરવિન્દ : કારણ તે નક્કર અને સઘન છે. તેની જડતા એવી મજબૂત છે કે તેની ઉપર સૂચનો સફળ થતાં નથી. તર્કબુદ્ધિ તેનું રહસ્ય હજી ખોલી શકી નથી. તેમાં રહેલ અવચેતન વધારે જોખમી છે. તેથી ઉચ્ચત્તર શક્તિની મદદની જરૂર છે. તે માટે અતિમનસ અવતરણ જરૂરી છે.

શિષ્ય : લોકો ધીમા ઉત્ક્રાંતિ માર્ગે જ આગળ વધશે એવું લાગે છે. શારીરિક ઉપર પણ તે આંતરિક એકાગ્રતા અને સભાનતા દ્વારા જ કાર્ય કરી શકશે. આપ કહો છો તે તેની દ્વારા શારીરિક ચેતનાને સભાન કરીને. તેથી કદાચ ઉત્ક્રાંતિ થોડોક વેગ પકડે.

શ્રી અરવિન્દ : હા, પણ તેમને પણ વારંવાર લડત તો આપવી જ પડશે. મારો માર્ગ સમન્વયનો છે. ઉચ્ચત્તર શક્તિની મદદ લઈ તેની સાથે સહયોગ કરીને આવી સમસ્યાઓનું નિરાકરણ જલદી આવે છે.

- માનસિંહ ચાવડા

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

**૬ અહિર્બુધ્ન્ય :**

તેમને જ અબ્જા અહિં કહ્યાં છે. અહિં જળમાંથી નિર્માણ થએલ છે. પણ પૃથ્વી ઉપર નહિ પણ અંતરિક્ષમાં. અંતરિક્ષમાં જન્મવું તેને 'બુદન્ય' કહે છે બન્નેને જોડીને અહિર્બુદન્ય કહેવાય છે. અહિર્બુદન્ય અગ્નિ છે. તે આકાશમાં, અંતરિક્ષમાં રહેલ જળમાં રહે છે અને વાદળાઓની રચના કરે છે. અગ્નિર્વા અહિધ્ન્ય: (કૌષી: બ્રા.૧૬-૭) તે પૃથ્વીનું રક્ષણ કરે છે. તેથી રક્ષક છે. અહિર્બુદન્યો ભુવનસ્ય રક્ષિતા (કાઠ.સં.૬૦-૭) મનોમય ચેતનામાં પ્રગટ થએલ પ્રકાશને જ અહિર્બુધ્ન્ય અગ્નિ કહે છે. તે દિવ્યભાવોનાં વાદળા બાંધી દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવી રક્ષણ કરે છે.

**૭ અરણ્યાની (વનદેવતા)**

તે અરણ્યનાં આત્મા છે. તેમને મૃગો અને વન્યપશુઓની માતા કહેલ છે. તેઓની ભૂમિ નાંગરેલી હોતી નથી (અકૃષ્ટા) છતાં તેમાં વનસ્પતી સંપદા ઘણી હોય છે. વનૌષધિ હોય છે. આ સાધના પહેલાંનાં માનવીની પ્રકૃતિનું વર્ણન છે, જેમાં પ્રાકૃત્તિક નિર્દોષભાવો (મૃગ) અને વિકારો (વન્યપશુઓ) પણ રહે છે.

**૮ અસુનીતિ :**

તેઓ પ્રેતની ઇન્દ્રિયોને, અંગોને આ ઇહલોકમાંથી પરલોકમાંના તેના પ્રેત શરીરમાં સ્થાપન કરે છે. અર્થાત્ મૃત્યુ દરમિયાન ખોવાએલી ચેતનાને તે તેની પ્રેત દશામાંના સૂક્ષ્મ શરીરમાં ફરી જાગૃત્ત કરવાનું કામ કરે છે. મરીને ફરી

જીવિત કરવાનું કામ પણ આ દેવતા અપવાદાત્મક કિસ્સામાં કરે છે. તેમને આપણી ઈન્દ્રિયોને સ્થિર કરી આયુષ્ય વધારવાની વિનંતી કરવામાં આવે છે (ઋ ૧૦.૫૯-૫-૬)

**૯ આપ્રીદેવતા :**

આ બાર દેવતાઓનો સમૂહ છે જેમને આપ્રી દેવતાઓ કહેવાય છે તે બાર દેવતા એટલે (૧) ઈધ્મ અથવા સમિદ્ધ (૨) નૂતનપાત્ (૩) નરાશંસ (૪) ઈલ (૫) બર્હિષદ (૬) દેવીદ્વાર (૭) ઉષાસાનકતા (૮) દિવ્ય હોતાગણ પ્રચેતસ (૯) તિસ્ત્રોદેવી (સરસ્વતી ઈલા, ભારતી) (૧૦) ત્વષ્ટા (૧૧) વનસ્પતિ (૧૨) સ્વાહાકૃતિ. આમાંનાં થોડાં સંદર્ભો પાછળ આવી ગયા છે. તેઓ માનવ સ્વરૂપને વધુ દિવ્ય, વધુ નિરામય, વધુ વિકસિત કરવાં આંતરિક પ્રક્રિયાઓ શરૂ કરીને વિકાસ સાધે છે.

આ બધાં દેવતાઓ તમને પૂરેપૂરું પોષણ આપે છે. તમારા બધા અંગોમાં પૂર્તિ કરે છે પૂરણ કરે છે. તેથી તે બધાંને આપ્રી દેવતા કહેવામાં આવે છે. વાચસ્પતિ એ પોતાના વાચસ્પત્યમ્ ગ્રંથના પૃ.૭૫૦ ઉપર આથી પણ વિશાળ વ્યાખ્યા આપી છે તેમના મતે યજ્ઞાદિ કાર્યોને સંપન્ન કરનાર, સહાયક તૃપ્તિદાયક સહયોગી દરેક વસ્તુને આપ્રી કહેવાય (ઋ૧૦-૧૧૦) આપ્રી એટલે આપવું.

**૧૦ વિશ્વાવસુ દેવગંધર્વ :**

ગંધર્વોને પણ દેવકોટિનાં માનેલાં છે. તેમની સંખ્યા યજૂર્વેદાનુસાર ૨૭ છે. જ્યારે અથર્વદેવ તેમને ૬૩૩૩ ગણાવે છે ગંધર્વા..... ત્રણશિંશત ત્રિશતા : ષટ્ સહસ્ત્રાઃ (અથર્વ ૧૧-૫-૨) વિશ્વાવસુનો અર્થછે સર્વધનસંપન્ન. તેમને સોનેરી પાંખવાળા અને વરુણના દૂત કહ્યાં છે. હિરણ્યપક્ષં વરુણસ્ય દૂતં (ઋ ૧૦-૧૨૩-૬) અવચેતનમાં પડેલી સુંદર આંતરપ્રેરણાઓ રૂપે તે રહેલાં છે. અવચેતનમાં શુભ અશુભ બધું જ હોય છે.

ગંધર્વ વૈશ્વિક પ્રાણમાંથી ઉદ્ભવેલી સુંદર આંતરપ્રેરણાઓ રૂપે આવે છે તેથી

તેમને સોનેરી પાંખોવાળી અને વરુણના દૂતો તરીકે જણાવેલ છે. બૃહતદેવતા ગ્રંથના પ્રણેતા આચાર્ય શૌનકે તેમને ગૌણ-દેવ ગણેલાં છે. (બૃહ. ૭-૧-૩૦)

**૧૧ વેન:**

વેનનો અર્થ જે પોતાના શરીરની કાતિ અને કર્મોથી બધાંને પ્રિય બનેલ છે તેવાં દેવતા. વેનો વેનતે કાંતિકર્મણ (નિ. ૧૦-૩૮) આદિત્ય, ઈન્દ્ર અને આત્મામાં આ વેનના ગુણધર્મો જોવા મળે છે તેથી તેમને વેન કહેવામાં આવે છે. આદિત્યો વેનો..... (શત. બ્રા. ૭-૪-૧-૧૪) ઈન્દ્રઉ વેનઃ (કોષી. બ્રા. ૮-૫) આત્માવૈ વેનઃ (કોષી. બ્રા.૮-૫) પ્રકાશમય મેઘને પણ વેન કહે છે. જ્યોતિર્દ્યોતમાનો મેઘઃ (નિઃ ૧૦-૩૮) મેઘ કલ્પનાનું પ્રતીક છે દિવ્ય-કલ્પનાઓને જ્યોર્તિર્મય વેન કહેવાય છે. તે ચેતનાના વિકાસમાં મદદરૂપ થાય છે.

**૧૨ સાર્પરાશી:**

તેનાં વિભિન્ન સ્વરૂપોનું વર્ણન વાક્, શ્રદ્ધા, મેઘા, દક્ષિણા એ મુજબ કરવામાં આવે છે તે સૂર્યની ઓળખાણ આપે છે. એમ જણાવેલ છે સૈવ દેવતા સૂર્યો વેત્તિ (ઋ ૧૦-૧૮૯) શ્રદ્ધા એટલે ચૈત્તસિક વિશ્વાસ, મેઘા એટલે વિશુદ્ધિ લાવનાર પ્રકાશમય બુદ્ધિ. દક્ષિણા એટલે એકાગ્રતા આ બધાંમાં વિચલન થવાની અર્થાત્ એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર જવાની ક્ષમતા છે તેથી તેમાં 'સર્પ'ની ક્ષમતા છે એમ કહેવામાં આવે છે સર્પ એટલે સરકવું, ખસેડવું. તેની એકાગ્રતા સૂર્યની પોષણ ક્ષમતા સાથે તમને જોડી દે છે અને પોષક-શક્તિ તમારામાંગતિ કરવાં માંડે છે તેથી તે સર્પક્ષમતાની પણ મહારાણી છે સર્પરાણી છે (ઋ ૧૦-૬૨-૮-૧૧).

**૧૩ સાવર્ણિમનુ:**

મનુનાં પિતાનું નામ સવર્ણ. તેથી મનુને સાવર્ણિ મનુ કહે છે. સાવર્ણિમનુ આઠમા મનુ છે. તેઓ સૂર્ય અને સૂરયૂના અશ્વ-અશ્વી રૂપમાંના સંતાન છે. અર્થાત્ તે અશ્વિનીકુમારોનાં નાનાભાઈ છે. તેઓ મહાન દાની હતાં.

**૧૪ અપ્વાદીવી:**

(અનુ. પૃ.૩૦ ઉપર)

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : **Mind of cells - by Satprem** તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# દિવ્ય - પાર્થિવત્વનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

The body has become transparent... It does not oppose the vibrations: all vibrations pass through it freely. And the body itself hardly feels its own limits... It feels spread out in everything it does, in everything around, in all circumstances, in people, movements, feelings - just spread out... But the outcome is that the body itself has really changed consciousness : 1967-23

One has a feeling that if the ego disappears, the being and the form disappear also, but it is not true... It is as if the cells, the organisation making up what we call human body and holding everything together, had to learn that they can continue to exist without the sense of a seperate individuality, although for thousands of years they have been accustomed to that separate existence on account of the ego. - 1971-56

Now that the cells are becoming conscious, they are wondering what is the use of all this : ...what is our true function, our purpose, our base ? Whats the divine way of

being ?... And there is a very faint perception of a way of being that would be luminous, harmoniuous... There is a constant perception of multicoloured light, of all colours... not in layers, but as a combination of multicoloured dots... It seems to be what could be called a "perception of true matter." - 1967-211

...It gives a curious impression at once of subtlety and penetrability, we might say, of suppleness and much less rigidity of form - 1967-211.

ચેતના કાયમ કોઈ ધરી - કે માધ્યમ દ્વારા કે કેન્દ્ર દ્વારા પ્રકટ થાય છે. જેને ''પુરુષ' કહેવામાં આવે છે. તે ક્ષણે તે 'પુરુષ' તે ચેતનાનો 'અહંકાર' કે 'Ego' હોય છે. તે કેન્દ્રને તે પોતાની ચેતના અને પોતાનું સ્વરૂપ લાગે છે. સામૂહિક ચેતનામાં આવી અસંખ્ય ધરીઓ પુરુષો - ચેતનાકેન્દ્રો એક કેન્દ્રિય પુરુષના જાણે આરારૂપ બની જાય છે અથવા ઉપ-કેન્દ્રો સ્વરૂપે કામ કરે છે. આ અહંકારના કેન્દ્રનું ખસવું - એ દર્શાવે છે કે આપણે સામાન્ય - ચેતનામાં અહંકારને સ્થિર, ન બદલાય તેવો અને કાયમી સ્વરૂપનો ગણીએ છીએ એવું નથી. અહંકારનું કેન્દ્ર ચલિત થાય છે. જેમ એકાગ્રતાનું કેન્દ્ર - કેન્દ્ર જેમ ચલિત થતું હોય છે અને નવી નવી વસ્તુ કેન્દ્રમાં આવે છે અને બહાર સરી પડે છે તેમ અહંકારનું કેન્દ્ર પણ ચલિત થતું હોય છે અને ચેતનાના કેન્દ્રની બહાર પણ જતું રહે છે.

અહંકાર અથવા ચેતનના કેન્દ્રની પણ જુદી જુદી કક્ષા હોય છે જેમ જે અહંકાર ઊર્ધ્વગામી થાય છે તેમ તેમ  તે વધારે શુદ્ધ થઈને અંતે આત્મભાવમાં પરિણમે છે. તેથી આપણે જેને 'અહંકાર' કહીએ છીએ તે સિવાય પણ ચેતના પ્રકટ થઈ શકે છે.

શુદ્ધ અહંકાર સાથે આપણું શરીર પણ વધારે ને વધારે પોતાની અંદર અને બહાર સર્વ સાથે સંવાદમય સ્થિતિમાં ગોઠવાઈ જતું હોય છે. મલિન અહંકાર આંતરિક અને બાહ્ય તત્ત્વો સાથે સંઘર્ષમાં - વિસંવાદમાં ઊતરતો હોવાથી તે

વિરોધ કરતો અનુભવાય છે આ 'વિરોધ' શરીરને 'નક્કરતા', 'અભેદતા' તરીકે અનુભવાય છે. શુદ્ધ અહંકાર શરીરને વધારે નમનીય અને સંવાદમય બનાવતો હોવાથી શરીર જાણે પારદર્શક બની ગયું હોય એવું લાગે છે. પારદર્શક એટલે આરપાર જોઈ શકાય એવું નહિં પણ જેની અંદરથી કોઈ પણ આંદોલન સંઘર્ષ કે અથડામણ વગર આરપાર પસાર થઈ જાય એવું.

આ સંવેદનો, શરીરની ચેતનાઓ, શુદ્ધ કેન્દ્ર દ્વારા પ્રકટ થવાનું વધારે ઊર્ધ્વમાંના કેન્દ્ર દ્વારા પ્રકટ થવાનું શરૂ કરે છે. એ દર્શાવે છે કે પ્રકટીકરણના કેન્દ્રમાં થતો ફેરફાર શરીરને 'નવીન ચેતના', બદલાયેલી ચેતના તરીકે અનુભવાય છે. આ ચેતના પ્રકટીકરણનાં કેન્દ્રનું પરિચાલન , ચલિત થવું એ નવા પ્રકારના જીવન જીવવાની રીત લાગે છે. આવી રીતે ઊર્ધ્વમાંના કેન્દ્રોમાંનાં ચેતનાના પ્રકટીકરણને લીધે ચેતના વધારે તેજોમય, પારદર્શક અને સંવાદમય, સુખમય, ઉષ્માભરી લાગે છે.

પ્રકટીકરણના કેન્દ્રની કક્ષાનુસાર ચેતનાનો પ્રકાશ વિવિધરંગ બદલે છે - વિવિધરંગોનું ઉત્સર્જન થતું અનુભવાય છે.

જ્યારે ચેતના એક જ સમયે શરીરનાં વિવિધ કોષો દ્વારા પ્રકટ થવા માંડે છે ત્યારે કોષોના ઉત્ક્રાંતિના તબક્કાનુસાર તેમાંથી વિવિધરંગી પ્રકાશઉત્સર્જીત થતો અનુભવાય છે. તેથી સંપૂર્ણ શરીર અનેક વિવિધરંગી પ્રકાશમય બિન્દુઓથી પ્રકાશતું દેખાય છે.

આવી પ્રકાશમય ચેતનામાં જીવવું એટલે દિવ્ય-સ્વરૂપ ધારણ કરવું, દિવ્ય-ચેતનામાં રહેવું ને દિવ્ય-ચેતનામાં જીવન ધારણ કરવા જેવું છે.

દિવ્ય પાર્થિવ તત્ત્વ એટલે આ રીતે પ્રકાશમય, સંવાદમય નમનીય અને આનંદમય બનેલું પાર્થિવ તત્ત્વ. આવા દિવ્ય પાર્થિવ તત્ત્વની ઝાંખી માતાજીને થયેલ છે અને આ અનુભૂતિમાં પાર્થિવતત્ત્વમાં દિવ્યતા કેવી રીતે લાવવી તેની પદ્ધતિ પણ અનુભવાઈ છે.

(અનુ. પૃ.૨૮ ઉપર)

# યોગનાં મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કેટલાંક સ્પટીકરણો

પ્રકરણ - ૧૪ (પૃ. ૫૩-૫૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૯ **પ્રભુનો સંકલ્પ અને તેમની કૃપા શું એક જ વસ્તુ નથી ?**

પ્રભુની કૃપા એ પણ પ્રભુના સંકલ્પનો જ ભાગ ગણી શકાય. પ્રભુનો સંકલ્પ પોતાને અનંતરૂપે પ્રગટ કરવાનો છે. પ્રભુકૃપા તે માટે કાર્ય કરતા સાધકોને મદદ કરીને તે સંકલ્પ વહેલો પૂરો કરાવે છે. પણ પ્રભુ સંકલ્પમાં પ્રભુકૃપા અપવાદ રચે છે. દા.ત. પ્રભુનો સંકલ્પ ધીમેધીમે ઉત્ક્રાંત થઈ પ્રગટ થવાનો છે. કૃપા તે ઝડપથી ઉત્ક્રાંતિના માર્ગે જ પૂરો કરે છે.

૧૦ **આ જન્મે પ્રભુ પ્રત્યે પૂરેપૂરો ખુલ્લો ન થનાર વ્યક્તિ આવતાં જન્મે સાધના ચાલુ રાખી ખુલ્લો થવા પ્રયત્ન કરશે એ માન્યતા શું સાચી છે. ?**

આવી શક્યતા હોવા છતાં તેની નિયતિ જુદી હશે તો તે નવા જન્મમાં તેની નિયતિને અનુસરશે. પણ એક વખત કરેલી સાધના તેને નવાજન્મમાં વારસામાં જરૂર મળે છે. નષ્ટ થતી નથી. તે આગળ વધવી કે ન વધવી તે નિયતિનો નિર્ણય હોય છે.

૧૧ **પ્રભુને ક્યારે પણ ન સ્મરનાર મૃત્યુકાળે પ્રભુને સ્મરે તો તેનાં પછીના જન્મે તેને મુક્તિ મળે છે. શું આ માન્યતામાં કોઈ તથ્ય છે ?**

ના, તે એક માન્યતા માત્ર છે. મુક્તિ એ સાધનાના અંતે ચેતનાનાં વિકાસના અંતે મળતી અવસ્થા છે. ફક્ત એક વખતના નામ સ્મરણથી તે સમગ્ર પ્રક્રિયા થવી શક્ય નથી. વ્યક્તિ કદાચ નામસ્મરણથી અધ્યાત્મ તરફ વળે એ શક્યતા બધાં માટે રહેલી છે.

**૧૨ પુરાણોમાં ઘણાં બધાં ઊર્ધ્વ લોકોનો ઉલ્લેખ આવે છે. શું મૃત્યુ પછી તે દરેક લોકમાંથી પસાર થવાની પ્રક્રિયા હોય છે. ?**

ના, વ્યક્તિની સાધનાને અનુરૂપ થોડાક લોકમાંથી જ તે પસાર થાય છે. બધાંમાંથી નહિ.

**૧૩ ધાર્મિક જીવન જીવનાર વ્યક્તિ મૃત્યુ બાદ સ્વર્ગમાં જાય છે આ માન્યતામાં તથ્ય કેટલું ?**

ધાર્મિક - જીવન જીવવાથી તેને મનમાં જે સુખ સમાધાન, સંતોષ ટકી રહે છે તે મૃત્યુબાદ પણ ટકી રહેતો હોવાથી તે અમૂક સમય સુધી સુખમય અવસ્થામાં રહે છે. તેને જ સ્વર્ગ કહે છે.

**૧૪ જીવનમાં દુષ્કર્મો કરનાર મૃત્યુ પછી વિવિધ નર્કોમાં જાય છે એવી પુરાણોની માન્યતામાં તથ્ય કેટલું ?**

તેમના દુષ્કર્મોના પરિપાક રૂપે તેઓ જે પશ્ચાતાપના અગ્નિમાં બળે છે અથવા ભૌતિક જીવનના અભાવથી દુઃખ અનુભવે છે, તેમના દુષ્કર્મોના પરિણામરૂપે આત્મગ્લાનિ અનુભવે છે. આ માનસિક - અવસ્થાઓરૂપ નર્ક છે. તેમજ તેમનું સુરક્ષા કવચ નબળું પડી જવાથી વધારામાં દુષ્ટ પ્રાણમય તથા સૂક્ષ્મપાર્થિવ સત્વો તેને ત્રાસ આપે છે. તેથી તેનું જીવન વધારે નરક બની જાય છે. આ સત્ય વાસ્તવિકતાઓ હોય છે.

અંતે તેઓ ચૈતસિક જગતમાં જઈ વિશ્રાંતિ લે છે અને પાછાં નિમ્નકક્ષાની માનવયોનિમાં જન્મે છે.

**૧૫ સ્વપ્નોમાં પોતાનાં સગાઓને મળવું, તેમની સાથે વાતો કરવી આનો અર્થ શું ?**

મૃત્યુ પામેલી વ્યક્તિઓના સૂક્ષ્મભૌતિક અંશોના અવશેષો વાતાવરણમાં અથવા અન્યલોકમાં ફરતાં હોય છે. તેમાં પ્રાણમય, મનોમય સંસ્મરણો હોય છે. તેનો સંપર્ક સ્વપ્ન દરમ્યાન તમારાં સૂક્ષ્મશરીર સાથે થાય ત્યારે સમગ્ર ભૂતકાળનો પ્રસંગ ફરી જીવાય છે. આ રીતે મૃતાત્માના અવશેષો તેમને અનુભવ કરાવે છે.

**૧૬ મૃત - સગા સાધકની સાધનામાં વિઘ્નો નાખી શકે ?**

તમારી સાધના બાબત મૃતાત્માનાં પોતાનાં પ્રતિભાવો હોઈ શકે છે. પણ તેઓ તમને વિઘ્નરૂપ બને કે સહાયરૂપ એ તમે તેમના આંદોલનો કેટલા પ્રમાણમાં સ્વીકારો છો તેની ઉપર આધાર રાખે છે. તમારું તે આંદોલનો પ્રત્યેનું ખુલ્લાપણું તેમનો પરિણામ લાવવા સક્ષમ કરી શકે છે.

**૧૭ ગ્રહોના ફલાદેશ યોગીના જીવન ઉપર પ્રભાવ પાડે છે ?**

જ્યોતિષ એ ગ્રહોના આંદોલનોનું અભ્યાસ કરતું ગૂઢશાસ્ત્ર છે. તમારી પ્રકૃતિ ઉપર તેમના આંદોલનોને કારણે ઉપજતાં સંયુક્ત પરિણામોનો તે અભ્યાસ કરે છે. નિયતિ જાણવાનું તે ગૂઢશાસ્ત્ર છે. પણ જ્યોતિષ શાસ્ત્ર તો ફક્ત સૂચના આપે છે. તમે તમારી ચેતનાનાં ઉચ્ચ સ્તરમાં જઈને ઊર્ધ્વ નિયતિ દ્વારા તેમાં ફેરફાર લાવી શકો છો. જે માણસમાં આ ક્ષમતા નથી તેમને માટે જ્યોતિષ સાચું હશે. જે નિયતિમાં ફેરફાર કરવાની પદ્ધતિ જાણે છે, તેમને બંધનકર્તા બની શકતું નથી.

**૧૮ ફલ - જ્યોતિષનો સાધનામાં ઉપયોગ ખરો ?**

તેનો ફલાદેશ સાધકના મન ઉપર કેવો પરિણામ કરે છે તે ઉપર તેનો આધાર રાખે છે. પણ તેનો બીજો ઉપયોગ નથી.

**૧૯ તો જ્યોતિષ પ્રત્યે સાધકે કેવું વલણ રાખવું ?**

એક વિજ્ઞાન તરફ રખાય તેવું.

**૨૦ યોગમાં ગુહ્ય વિદ્યાનું સ્થાન શું ?**

ગુહ્ય - વિદ્યા એ યોગવિદ્યાનો જ એક ભાગ છે. કારણ સૂક્ષ્મબળો અને પારભૌતિક ભૂમિકાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ યોગ-સાધનાનો જ ભાગ છે.

**૨૧ 'ગુહ્યશક્તિ અને તેનો પ્રયોગ' આ શબ્દોનો અર્થ શું ?**

તેનો સર્વસામાન્ય અર્થ એ છે કે કુદરતના ગુપ્ત બળોનો ઉપયોગ કરીને કોઈ પ્રક્રિયા કરવામાં આવે છે. યોગિક - શક્તિઓ પણ ગુહ્યશક્તિઓ છે તેનો પ્રયોગ કરી કોઈક કાર્ય કરવું એનો પણ તેમાં સમાવેશ થાય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# પરમાનંદની પ્રાપ્તિ (૯૪)

પ્રકરણ - ૫૪
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૯૩-૧૯૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**દરેક ત્યાગની ક્રિયા હજી પ્રાપ્ત ન થએલાં એવાં એક મોટા આનંદને ખાતર થતી હોય છે. કેટલાક લોકો કર્તવ્ય પૂર્ણ કર્યાનાં આનંદને ખાતર ત્યાગ કરતા હોય છે. કેટલાક શાંતિના આનંદને ખાતર ત્યાગ કરતાં હોય છે. કેટલાક પ્રભુના આનંદને ખાતર અને કેટલાક આત્મપીડનના આનંદને ખાતર ત્યાગ કરતા હોય છે. પરંતુ ખરું જોતાં તો તમારે મુક્તિમાં તથા પરાત્પરના નિર્વિકાર આનંદમાં પહોંચવાના એક માર્ગ તરીકે ત્યાગ કરવો જોઈએ. (૯૪)**

માતાજી : મને ત્યાગ કરવાનો બહુ અનુભવ નથી કારણ સતત પ્રગતિની ઝંખનાએ જે બિનજરૂરી હતું તે પોતાની મેળે છૂટતું જતું હતું. કોઈ વસ્તુનું દબાણ છે, ભાર છે તેને જીવનમાંથી કાઢી નાખવો જરૂરી છે એવા ભાવો મને નિર્માણ થયાં જ નથી.

આપણામાં ઘણું બધું છે જે પ્રભુ પ્રાપ્તિમાં અવરોધક છે. તેને વળગી રહેવું એ જ અજ્ઞાન છે.

આમાંથી છૂટવાનો એક જ માર્ગ છે. ભૂલ સમજાય કે તરત તેને છોડી દેવું. ઘણી વખત આપણી સમજણ જ ખોટી હોય છે પણ સાધનામાં એક તબક્કે તમને અનુભૂતિ દ્વારા સમજાવવામાં આવે છે કે તે ભૂલ છે. તે ભૂલ સુધારતા જ તમારી પ્રગતિનો નવો તબક્કો શરૂ થાય છે.

પણ તે ભૂલ સુધારવામાં તમે પોતાનું જૂનું આયોજન વિખેરી નાખો છો. તમારો સ્વભાવ તેનો વિરોધ કરે છે છતાં તમે મક્કમ રીતે તે વસ્તુ સુધારો છો. આ બધાંનાં પરિણામરૂપે મનમાં ત્યાગની ભાવના જન્મે છે.

ત્યાગનો ભાવ અહંકેન્દ્રિત ચેતનામાં જ જન્મે છે. તેમાં સાધના દરમિયાન જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન અંતિમ કક્ષાનું હોતું નથી પણ તે પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનો તે સમયનો પ્રયત્ન માત્ર હોય છે. તે જ્ઞાન તમારા અહં ઉપર દબાણ લાવે છે અને અંતે અહં ઝૂકી જાય છે અને તે મુજબ વર્તે છે. આમાં ત્યાગની ભાવના જન્મતી હોય છે.

બાળક : માતાજી, હાલની જીવન પદ્ધતિમાં પેલા પરમાનંદને દૈનંદિન જીવનમાં કેવી રીતે સ્થાયી કરવો એ મહત્ત્વનો પ્રશ્ન છે.

માતાજી : હું તે જ પ્રશ્નનું નિવારણ શોધવા પ્રયત્ન કરી રહી છું. પ્રભુ સાથેના મિલનમાંથી જ તે આનંદ પ્રગટે છે એ નિશ્ચિત. ભાવિ જગતમાં તે જીવનમાં સ્થાયી થશે પણ હાલના જીવનનું શું ? મને અનુભવ છે કે પરમાનંદ ને કોઈ કાળ કે સ્થળ, પરિસ્થિતિ સાથે જરા પણ સંબંધ નથી. તેમાં આંતરિક રીતે  પ્રભુ સાથે એકરૂપ થવાની એકમાત્ર શરત હોય છે. પણ આ પરમાનંદ તેનાથી વિસંવાદમાં રહેનાર દરેક તત્ત્વ પ્રત્યે અસહિષ્ણુ હોય છે. તે તેમને બદલવા માંગે છે. તેમાં પોતાની એક પ્રચંડ - શક્તિ છે.

મારે પરિસ્થિતિને બદલવા તેને પોતાની અંદર સ્વીકારવાની હોય છે. ત્યારે સંપૂર્ણ સમતામાં રહેવું પડે છે. તેમાં શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન મળે છે. પણ તેમાં પેલો પરમાનંદ અનુભવાતો નથી. કારણ તમે હજી વ્યક્તિ-કેન્દ્રિત હો છો. વિશ્વચેતનામાં પ્રવેશ જરૂરી હોય છે. પરમાનંદ જ્યારે અન્યોને પણ આપવા માટે પ્રવૃત્ત થાય છે ત્યારે તે દિવ્ય-પ્રેમની શરૂઆત બની જાય છે. અને મને લાગે છે કે દિવ્ય-પ્રેમમાં જ સાચો, સ્થાયી પરમાનંદ ટકી રહેતો હોવો જોઈએ. પરમાનંદની શરૂઆતની અવસ્થાને આપણે દિવ્ય-પ્રેમમાં પલટાવી નાખવાની પ્રક્રિયા જાણવી પડશે. તે પ્રક્રિયા છે વિશ્વ-ચેતનામાં પ્રવેશવાની. તમે વિશ્વ-પુરુષના અંશ છો.અને તેનું એક આવિર્ભાવ કેન્દ્ર માત્ર છો એવો ભાવ તમને વિશ્વ-ચેતનામાં પ્રવેશ અપાવે છે. તમને તે અહંમાંથી છૂટકારો અપાવે છે.

તેમાં પછી તમે અહર્નિશ પ્રભુરૂપ બની રહો છો અને તે જ પરમાનંદને પ્રગટ કરે છે. તે પરમાનંદ અન્યો પ્રત્યે વહેવા માંડે છે. તેમાંથી દિવ્ય-કર્મોનો પ્રવાહ રચાય છે. તમે માત્ર નિમિત્ત બની રહો છો. પ્રભુના દિવ્ય પ્રેમનો એક સ્રોત.

# આત્મબલિદાન

પ્રકરણ - ૨૬

એક ગાઢ જંગલમાં હરણોનું એક ટોળું રહેતું હતું. તેમનો એક નેતા હતો. તેઓ તેને હરણરાજ કહેતા. તેને ઘણી પત્નિઓ હતી. તેમાં એક ખૂબજ સુંદર હતી. હરણરાજને તે અતિવહાલી હતી. તે જેવી સુંદર હતી તેવી જ પતિની આજ્ઞાંકિત પણ હતી.

એક વખત આ હરણો નિર્ભય થઈને ચરતા હતાં. ત્યારે અચાનક એક સિંહે હુમલો કર્યો. બે ત્રણ હરણો મરાણાં. આખા ટોળામાં ફફડાટ વ્યાપી ગયો.

હરણરાજ પોતાના જૂથને બચાવવા વિચાર કરવા લાગ્યો. તેને યુક્તિ મળી. તેણે તે વિચાર પોતાની પેલી સુંદર પત્નિને જણાવ્યો.

‘‘નાથ, તમે તો અમારા બધાંના પાલનહાર છો. તમે પોતાનો ભોગ ન આપો. તેને બદલે હું ભોગ આપવા તૈયાર છું.’’ અંતે તેનાં આગ્રહ મુજબ યોજના આગળ વધી.

તે હરણીના સર્વાંગે ઝેર ચોપડવામાં આવ્યું અને તેને ઉઘાડા મેદાનમાં કુણું ઘાંસ ચરવા જણાવ્યું. બાકીના હરણો છૂપાઈ ગયાં.

સિંહે પેલી હરણીને એકલી ચરતી જોઈ તેને લાગ મળતા જ તેને ઝડપી લીધી ખેંચીને લઈ ગયો નદી કિનારે અને મોજથી શિકાર ખાધો. પણ તેને ઝેર ચડવા લાગ્યું. તે તરફડીયા મારવા લાગ્યો અને અંતે દમ તોડ્યો.

હરણીએ સ્વામીની આજ્ઞાથી હરણ-જાતિ માટે પોતાનું સ્વૈચ્છિક બલિદાન દીધું.

સારા કામમાં જીવનો પણ મોહ ન રખાય.

## પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

# શ્રી સુન્દરમ્ - જન્મદિન - ૨૨ માર્ચ

શ્રી સુન્દરમ્‌નો જન્મદિન તા.૨૨ માર્ચ ૨૦૧૫ના રોજ છે. જન્મદિન વિષે શ્રી સુન્દરમ્ જણાવે છે :

''આશ્રમમાં જન્મ દિવસ એક climax પરાકાષ્ઠા બની જાય છે. રોજ ન મળે, પણ એ દિવસે ફૂલોથી માંડી અનેક વસ્તુ મળે. એ દિવસે જન્મ લેતાં હોય તેવું આંતરિક ચક્ર પ્રવર્તિત થાય. ત્યાં લગ્ન તો થતાં નથી. અહીંના જીવનમાં લગ્ન જીવન શિખર રૂપે, ત્યાંના જીવનમાં જન્મદિવસ શિખર રૂપે અનુભવાય. એ દિવસે માતાજીને પ્રણામ કરવાના હોય, એ દિવસે ઘણાં નવા સ્ટાર્ટ મળે. મેંદીના જેવો એક છોડ આવે છે. એના ફૂલનો પ્રતીકાત્મક અર્થ છે નવજન્મ. માતાજી એ New Birth નું ફૂલ આપે. આ જન્મમાં જ નવો જન્મ થાય.''

(પોરબંદરમાં પૂર્ણયોગનું મંડાણ : ૪૦) -સુન્દરમ્

શ્રી સુન્દરમ્ સમજાવે છે તે મુજબ શ્રી અરવિન્દ આશ્રમમાં જન્મદિને સાધક શ્રી માતાજીની કૃપાથી આ જન્મમાં નૂતન જન્મ ધારણ કરે છે. આ નૂતન જન્મ એટલે સાધકની ચેતનાની ઉત્ક્રાંતિ. જન્મદિન પહેલાના દિવસે સાધકની ચેતનાની જે અવસ્થા હોય છે તેનાથી ઊર્ધ્વચેતનામાં સાધક જન્મદિને પ્રવેશ કરે છે. જે રીતે વિદ્યાર્થી પોતાના જે ધોરણમાં અભ્યાસ કરતો હોય છે, તે ધોરણ પસાર કરી તેનાથી ઉચ્ચ ધોરણમાં પ્રવેશ પામે છે તેવી ઘટના છે.

સાધકનો ઉચ્ચ ચેતનામાં પ્રવેશ કરવો એટલે શ્રી સુન્દરમ્ સમજાવે છે તે મુજબ સાધકની ચેતનાના આંતરિક ચક્ર પરિવર્તન દ્વારા નવજન્મ પામવો. નવજન્મ પામેલું બાળક કેવું હોય છે તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

"Like the child who does not reason and has no care, Trust thyself to the Divine that His will may be done."

- The Mother

''જે બાળક તર્ક નથી કરતું અને જેને કોઈ ચિંતા નથી, એવા બાળકની જેમ તું તારી જાત પ્રભુને સોંપી દે જેથી એનો સંકલ્પ સિદ્ધ થાય.''

- શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ જે બાળક તર્ક કરતું નથી કે ચિંતા કરતું નથી અને પોતાનું જીવન પરમ પ્રભુને સંપૂર્ણપણે સમર્પિત કરે છે, જેથી પરમ પ્રભુનો સંકલ્પ તેના જીવનમાં સિદ્ધ થાય.

શ્રી સુન્દરમ્‌નું જીવન જોઈએ તો તેમણે ક્યારેય પણ તર્ક કર્યો નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય તો તેમણે ચિંતા કરી નથી. પરંતુ સુન્દરમે પોતાની જાતને વિના શરતે શ્રી માતાજીના ચરણે સમર્પિત કરી આપેલ છે. સુન્દરમ્ હંમેશા કહેતા કે શ્રી માતાજીનો સંકલ્પ સિદ્ધ થાઓ. શ્રી સુન્દરમ્‌માં રહેલા આ સમર્પણભાવનો રસાસ્વાદ સુન્દરમ્‌ના શબ્દોમાં અનુભવીએ.

''કેટલાંક સહૃદય મિત્રો કહે છે કે જે તમે કરતા હતા, તે જ કર્યા કરો, કવિતા લખો, સાહિત્ય સર્જો. એથી બીજું કરવાની જરૂર શી છે ? પણ મારે એમને કહેવું જોઈએ કે મારી કવિતા શક્તિ અને કલાશક્તિ છતાં મારું આંતરદારિદ્રય રહેલું છે તે હું જ જાણું છું. એ દારિદ્રયને દૂર કરનારી વસ્તુ વરસોનાં વરસો લગી ગુજરાતમાં બેઠાં બેઠાં રાહ જોઈ છતાં મને ન મળી. એ (વસ્તુ) મને જ્યારે જ્યાં મળી ત્યારે ત્યાં જઈને બેઠો છું.'' - (યોગચક્ર : પૃ. ૧૨૭)

શ્રી સુન્દરમ્ સમજાવે છે તે મુજબ તેઓ પોંડીચેરી આવ્યાં તે પહેલાં તેઓ આંતરિક દારિદ્રય અનુભવતા હતાં. પોંડીચેરી આવ્યાં પહેલાં સુન્દરમ્‌માં પરમ પ્રભુ માટે ઝંખના તો હતી, પરંતુ પરમ પ્રભુની પ્રાપ્તિ ન હતી. શ્રી સુન્દરમ્ સમજાવે છે તે મુજબ ફક્ત કવિતાશક્તિ અથવા કલાશક્તિ માનવમાં પૂર્ણતા લાવી શકતી નથી. માનવની આ અપૂર્ણતા તે તેનું દારિદ્રય છે.

માનવનું દારિદ્રય દૂર થવું એટલે પરમ ચેતનાના એક વ્યક્તિ સ્વરૂપ મહાલક્ષ્મીની પ્રાપ્તિ કરવી. 'મા' પુસ્તકમાં મહાલક્ષ્મીના મુખ્ય લક્ષણ સમજાવતા શ્રી અરિવન્દ જણાવે છે કે મહાલક્ષ્મીમાં શાશ્વત સૌંદર્યનું ચમત્કારપૂર્ણ રહસ્ય આવી રહેલું છે. તેમજ મહાલક્ષ્મીમાં સંવાદિતાનું અકળ રહસ્ય વસે છે.

શ્રી સુન્દરમે પરમચેતનાના આ સ્વરૂપની પ્રાપ્તિ પોંડીચેરીમાં અનુભવી છે. એટલે જ તો શ્રી સુન્દરમ્‌ના સંપર્કમાં જે કોઈ વ્યક્તિ આવતી તે વ્યક્તિ સુન્દરમ્‌ના

વ્યક્તિત્વમાં રહેલ સૌંદર્ય અને સંવાદિતાને અનુભવતી હતી.

સુન્દરમ્ પોંડીચેરી આવ્યાં તે પહેલાં પ્રભુ પ્રાપ્તિની ઝંખનારૂપે 'બુદ્ધના ચક્ષુ તને ઝંખી છે.' તેવાં કાવ્યોની રચના આપણને શ્રી સુન્દરમ્‌ની અભિપ્સામાં પરિચય આપે છે. સુન્દરમ્ કવિ એટલે ગીતા મુજબ આર્ષદૃષ્ટા હતા. એવું આપણને તેમણે નાની ઉંમરમાં લખેલા વાક્ય ''હું બ્રહ્મ છું એવા ઉચ્ચ વિચારો ઉચ્ચ દિશામાં લઈ જાય છે.'' તે ઉપરથી લાગે છે. આ વાક્યનું પાટીયું આજે પણ શ્રી સુન્દરમ્‌ના જન્મ સ્થાનના મકાનમાં સચવાયેલું છે.

શ્રી સુન્દરમ્ ફક્ત કવિ ન હતા સાથે સાથે સાધક પણ હતા. સાધક વિશે સમજાવતા શ્રી અરવિન્દ સમજાવે છે :

"It would be necessary to have the complete attitude of sadhak and give up that of the man of the world."


''સાધક તરીકેનું સંપૂર્ણ વલણ હોવું અને દુન્યવી માનવી તરીકેનું વલણ છોડી દેવું જરૂરી છે.'' (સુન્દરમ્ પૂર્ણયોગના પ્રકાશમાં : ૨૫) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબના સાધક તરીકે તમામ ગુણો શ્રી સુન્દરમ્ ધરાવતા હતા. શ્રી સુન્દરમે ક્યારે પણ દુન્યવી બાબતોની ચર્ચા કરી ન હતી. પરંતુ હંમેશા પરમ ચેતનાની વાતો કરતા.

ક્યારેય પણ કોઈ પણ પરિસ્થિતિમાં શ્રી સુન્દરમે દુન્યવી માનવની જેમ ચિંતા કે ઉશ્કેરાટ અનુભવ્યા નથી. જે કોઈ પરિસ્થિતિ આવે તે પરિસ્થતિને સુન્દરમ્ શ્રી માતાજીની કૃપા અનુભવતા હતા. એટલે જ તો શ્રીસુન્દરમ્ ગીતામાં સમજાવેલા સ્થિતપ્રજ્ઞના ગુણોને જીવનમાં અનુભવતા હતા. શ્રી સુન્દરમ્ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં ઊભા ઊભા મુસાફરી કરી શકતા હતા, બળદગાડામાં પણ મુસાફરી કરી શકતા અને એ.સી.મોટર કારમાં પણ મુસાફરી કરી શકતા હતા. ક્યારે પણ સગવડતાની માંગણી કરતા ન હતા. શ્રી માતાજીના કામ માટે શ્રી માતાજી જે સગવડતા કરી આપે તેનો સહર્ષ સ્વીકાર કરતા હતા.

શ્રી સુન્દરમ્‌ના આ સમર્પણભાવ આપણા સૌમાં આવે એવી કરૂણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

Even when we fail to look into our souls
Or lie embedded in earthly consciousness,
Still have we parts that grow towards the Light.

The Secret Knowledge - Savitri 1-4-45

## આપણું ગુપ્ત દિવ્ય સ્વરૂપ (કારણ શરીર)

બાહ્ય-જીવનમાં ઓતપ્રોત, ન આત્મા પ્રત્યે આપણું ધ્યાન,
છતાં ગુપ્તભાગ આપણા સ્વરૂપનાં, સદા દિવ્ય અને આંતરિક રીતે સભાન,
જાણ ન છતાં પણ વિકસતા, તે દિવ્યપ્રકાશરૂપી પ્રભુ પ્રત્યે સદાય.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - બુ.૧, કેન્ટો-૪, પૃ.૪૬

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# નવધા ભક્તિ

ભક્તિ ચૈત્યપુરુષનો ભાવ છે, સદા જાગૃત ને ઉત્કટ રહે,
ને તે વિવિધ તત્ત્વો દ્વારા, વિવિધ સ્વરૂપે સદા પ્રગટે.

તત્ત્વો બધાં પૂરક બને, ને ભક્તિ - ધારા વહેતી રહે,
ભાવ બધાં બદલતા રહે, જેમ વાદળાં ચોમાસે ફરે.

કથા **શ્રવણ**થી ભાવ વધે, **કીર્તન** થકી એ આસ્માને ચડે,
**સ્મરણ**થી હૃદયે ડૂબકી મારી, તળાતળે જઈ વસે.

તે પછી જ્વાલામુખી ફાટી, લોકોમાં પ્રભુ દર્શને મથે,
ને તેમની **સેવા** કરતા, મધુરભાવે જીવને રમે,
મૂર્તિ-પૂજા-**અર્ચને** તે, ભાવવિભોર થતો રહે,
મૂર્તિને વંદન કરી, અહોભાવે રાચતો રહે.

પ્રભુ તણો **દાસ** બની, દાવાનળે પણ દુઃખો સહે,
અથવા પ્રભુ ને દેવો સાથે, **મૈત્રી** ભાવે એ ગોષ્ઠિ કરે.

ને વીણીવીણીને નબળાઈઓનું, પ્રભુને **આત્મનિવેદન** કરે,
આ બધી લીલા ટાણે, ગુપ્ત ગંગા વહેતી રહે,
મિત્ર-પરિવારને ભીંજવી, એ દિવ્યતાનો પાયો રચે.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત